હરિઃ ૐ

# પ્રાર્થના પોથી અને પૂજ્ય શ્રીમોટાનું પ્રવચન



પૂજ્ય શ્રીમોટાની ૯૨ મી જન્મજયંતી

ભાદરવા વદ-૪, સવંત ૨૦૪૫. રવિવાર તા. ૨૪-૯-૮૯

યજમાન

શ્રી ચંદુભાઇ નાનાભાઈ પટેલ

શ્રી નિરંજનભાઈ સી. પટેલ

'મિહિર', હોમસાયન્સ કોલેજ સામે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

આપણે જે વસ્તુ, સિદ્ધાંત, સમજણ, સમજ કે અનુભવને પકડીએ તેને એવા આગ્રહ કે જોરથી ન પકડવી કે જેથી કરીને આપણા સંબંધ સાથેની વ્યક્તિઓમાં તેનો વિરોધાત્મક ભાસ ઊપજે. આપણી સાધનાની વૃત્તિમાં પણ આપણે હૃદયને સરળપણે વહેતું કરવાનું છે.

['જીવનપગથી' પૃષ્ઠ-૧૮૧] —શ્રીમોટા

—o—

સાધના કાજેનો સદ્‌ભાવ–ભક્તિ – હૃદયનો રાગ પ્રકટે તો સાધના ઉત્તમ થયાં કરે. જેનું જેમ લાગે છે તેમ લાગે છે. લાગ્યા વિના કશું લાગી શકતું નથી- જેમ ઊઠ્યા વિના ઊઠી શકાતું નથી ને જાગ્યા વિના જાગી શકાતું નથી તેમ. માટે આપણે તો લગાડવાનું છે. આપણા પ્રત્યેક કરણમાં કંઈ કંઈ ભર્યું પડ્યું છે. તેમાં દવ લગાડવાનો છે. ને બધું ભસ્મ કરી દીધા વિના ત્યાં નવું કશું ઊગી શકવાનું નથી. ખેતી કરતાં પહેલાં ખેતરમાંનાં ઝાડાંઝાંખરાં બધેથી કાઢી એને તે જ ખેતરમાં બાળે છે. તો તેથી જમીન વધારે પાક આપે એવી બને છે, એવું જ સાધના વિષે છે.

['જીવનમંડાણ' પૃષ્ઠ ૧૮૨] —શ્રીમોટા

—o—

જો આ માર્ગે વળવાનું કરવું હોય, તો તમારા રોજિંદા કર્મવ્યવહારમાં વર્તનમાં સંબંધમાં સંપર્કમાં, વાતચીતમાં- જે તે બધાંમાં આ માર્ગ પરત્વે વળવાની દાનતની ભાવના પરખાઈ આવવી જોઈશે. અરે ! માણસને ટ્રેઈન પકડવાની હોય છે, તો તે પણ તૈયારી કરે છે. એટલે આપણા બધાંની આ માર્ગ પરત્વેની તૈયારી થતી જો હું નીરખી શકું તો તો હું જરૂર રાજી થાઉં.

['જીવનદર્શન' પૃષ્ઠ-૨૩૫] —શ્રીમોટા

# આત્મ નિવેદન શા માટે ?

જે તે કંઈ હોય તે કબૂલ કરવાની રીત અને તે સહૃદયતાપૂર્વક સરળતાથી, સ્પષ્ટપણે એકરાર કરીને ચોખ્ખે-ચોખ્ખું કહેવું એ આત્મનિવેદનનો એક પ્રકાર છે. સાધનાની જે અનેક શરતો છે તેમાંની તે પણ એક અનિવાર્ય શરત છે. પરંતુ એકલું માત્ર કબૂલ કરી દેવું-એટલાથી ચાલતું નથી. પોતાના દુર્ગુણો જણાય, સમજાય ને અનુભવાય–એ તો ભગવાનની એક મોટી કૃપા છે. પરંતુ જ્યાં સુધી પોતાના દુર્ગુણો પોતાને સાલતા નથી ને ખૂંચતા નથી અને એવું જ્યાં સુધી પૂરેપૂરું ભાન પ્રગટ્યું નથી, ત્યાં સુધી આપણામાંથી તેવા દુર્ગુણો હઠી શકનાર નથી. એટલે આપણામાં રહેલા દુર્ગુણોનું આપણને ભાન થવું અને આત્મનિવેદનભાવે પ્રાર્થના-પૂર્વક તે હઠી શકે તે કારણના ભાવથી આત્મનિવેદનરૂપે હૃદયપૂર્વકનો એકરાર આપણાથી થાય તે ઘણું જ જરૂરનું છે.

પાપનો કે દુર્ગુણનો એકરાર કરવાથી આપણું હૃદય હળવું બને છે. મન શાંતિ અનુભવે છે અને પ્રસન્નચિત્ત થાય છે. પરંતુ તે સાથે સાથે આપણી અપૂર્ણતાઓનું આપણને જેટલું સ્પષ્ટ દર્શન હોય તેટલું સ્પષ્ટ દર્શન તેને હઠાવવાના આપણા દૃઢ નિર્ધાર પરત્વેનું આપણને જાગી જવું જોઈશે. એક બાજુના નકારાત્મક બળને આપણે રચનાત્મક શક્તિથી હણવાનું છે. એવી રચનાત્મક શક્તિથી જો પૂરેપૂરું સાચું ભાન આપણા હૃદયમાં પ્રગટેલું નહિ

હોય, તો દુર્ગુણનું આપણને થતું ભાન આપણને નિરાશાના વમળમાં ડુબાડી દેશે ને આપણે હતાશ થઈ જઈશું. તેથી કરીને દુર્ગુણોમાં આપણે વસવું નથી, ને જીવવું નથી એવો દૃઢ મરણિયો નિર્ધાર જે થયો હોય એ નિશ્ચય કદી પણ પડી રહી શકતો નથી; તે તો આપણને જગાડે છે ને ઉઠાડે છે, અને જિવાડ્યાં કરે છે. એવું થતું અનુભવાય તો જ જાણવું કે સાચો નિર્ધાર થયેલો છે. નિર્ધારનું તે લક્ષણ છે.

'જીવનમંડાણ' પૃ : ૧૫૧-૫૨
૧૫૨ પરથી.]

હરિઃ ૐ

## ગુરુસ્તોત્રો

(૧)

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

[ગુરુ બ્રહ્મારૂપ છે. ગુરુ વિષ્ણુરૂપ છે. ગુરુ સાક્ષાત્ દેવરૂપ મહેશ્વર છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તેવા શ્રીગુરુદેવને હું નમું છું.]

(૨)

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

[અખંડ મંડલાકાર ચરાચર જગતમાં જે વ્યાપીને રહ્યા છે, જેમણે પરમાત્મારૂપી પરમપદનું દર્શન કરાવ્યું છે તેવા શ્રીગુરુને હું નમું છું]

(૩)

અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા

ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।

[અજ્ઞાન તિમિરથી અંધ થયેલા (પુરુષનાં) ચક્ષુને જ્ઞાનરૂપી અંજન આંજતી સળી વડે જેમણે ખોલ્યું છે તેવા શ્રીગુરુને હું નમું છું. ]

(૪)

ચૈતન્યં શાશ્વતં શાન્તં વ્યોમાતીતમ્ નિરંજનમ્ ।

નાદબિન્દુકલાતીતં તસ્મૈ શ્રીગુરવે નમઃ ।।

[ ચૈતન્યરૂપ, શાશ્વત અને શાંત આકાશથી પર, અંજન (ડાઘ) વિનાના તથા નાદ, બિંદુ અને કળાથી પર એવા શ્રીગુરુને હું નમું છું. ]

(૫)

ૐ નમઃ શિવાય ગુરવે સચ્ચિદાનંદમૂર્તયે ।

નિષ્પ્રપંચાય શાન્તાય નિરાલંબાય તેજસે ।।

[ શિવરૂપ, સચ્ચિદાનંદ મૂર્તિરૂપ, નિષ્પ્રપંચરૂપ, શાંતસ્વરૂપ, નિરાલંબસ્વરૂપ અને તેજસ્વરૂપ ગુરુદેવને નમસ્કાર. ]

(૬)

ઈશ્વરો ગુરુરાત્મેતિ મૂર્તિભેદવિભાગિને ।

વ્યોમવદ્ વ્યાપ્તદેહાય દક્ષિણામૂર્તયે નમઃ ।।

[ ઈશ્વર, ગુરુ, આત્મા એવા સ્વરૂપે ભિન્ન ભિન્ન જણાતા (પણ) આકાશની પેઠે જેનો દેહ સર્વત્ર વ્યાપી રહેલો છે એવા દક્ષિણામૂર્તિ ગુરુને વંદન. ]

(૭)

ગુરુરેવ જગત્ સર્વં બ્રહ્માવિષ્ણુ શિવાત્મકમ્ ।

ગુરોઃપરતરં નાસ્તિ તસ્માત્ સંપૂજયેદ્ ગુરુમ્ ।।

[ગુરુ જ સર્વ જગત છે. આ અખિલ જગત જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવસ્વરૂપ છે, તે ગુરુનું જ સ્વરૂપ છે. ગુરુથી ચડિયાતું કાંઈ જ નથી. માટે ગુરુનું પૂજન કરવું જોઈએ.]

(૮)

દુર્લભો વિષયત્યાગો દુર્લભં તત્ત્વદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થા સદ્‌ગુરોઃ કરુણાં વિના ॥

[શ્રીસદ્‌ગુરુની કરુણા વિના વિષયોનો ત્યાગ, તત્ત્વ-સાક્ષાત્કાર અને સહજાવસ્થા દુર્લભ છે.]

(૯)

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥

[ગુરુની મૂર્તિ ધ્યાનનું મૂળ છે, ગુરુનાં ચરણ પૂજાનું મૂળ છે. ગુરુનું વાક્ય મંત્રનું મૂળ છે. ગુરુની કૃપા મોક્ષનું મૂળ છે.]

(૧૦)

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતં
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥

[બ્રહ્મના આનંદરૂપ, શ્રેષ્ઠ સુખ આપનાર, કેવળ જ્ઞાનની મૂર્તિરૂપ, દ્વંદ્વથી પર, ગગન સમાન વ્યાપક, 'તત્ ત્વં અસિ' વગેરેનું લક્ષ્ય, એક જ માત્ર નિત્ય, વિમળ, અચળ, સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ, ભાવોથી પર, (સત્ત્વ, રજસ અને તમસ) ત્રણે ગુણોથી રહિત એવા શ્રીસદ્‌ગુરુને નમસ્કાર કરું છું.]

———

# પ્રાર્થના મંત્રો

(૧)

તું જ આત્મા, હૃષીકેશ, ભૂતોનાં હૃદયો વિષે;
આદિ, મધ્ય તથા અંત તું જ છું ભૂતમાત્રનાં.

(૨)

તું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ;
જ્ઞેય, પવિત્ર ઓંકાર, ઋગ્, યજુર્, સામવેદ તું.

(૩)

પ્રભુ, ભર્તા, સુહૃદ, સાક્ષી, નિવાસ, શરણું, ગતિ;
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બિજ, અવ્યય.

(૪)

સાક્ષીમાત્ર અનુજ્ઞાતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર;
કહેવાય પરમાત્માયે, દેહે પુરુષ તું પરમ્.

(૫)

તમે પરં અક્ષર, જ્ઞેય તત્ત્વ,
તમે મહા આશ્રય વિશ્વનું આ;
અનાશ છો, શાશ્વત ધર્મપાળ
જાણું તમે સત્ય અનાદિ દેવ.

(૬)

પુરાણ છો, પુરુષ, આદિદેવ,
તમે જ આ વિશ્વનું અંત્યધામ;
જ્ઞાતા તમે, જ્ઞેય પરં પદે છો,
તમે ભર્યું વિશ્વ, અનંતરૂપ !

(૭)

તમારું રૂપ જાણે ના દેવો કે દાનવો, પ્રભુ !
તમે જ આપને આપ જાણતા, પુરુષોત્તમ !

(૮)

સમ તું સર્વ ભૂતોમાં, વા'લા–વેરી તને નથી;
પણ જે ભક્તિથી સેવે, તેમાં તું, તુજમાંહિ તે.

(૯)

મોટોયે કો દુરાચારી એકચિત્તો ભજે તને;
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને.

(૧૦)

અનન્ય ચિત્તથી જેઓ કરે તારી ઉપાસના;
તે નિત્યયુક્ત ભક્તોનો યોગક્ષેમ ચલાવતો.

(૧૧)

સતત એકચિત્તો જે સદા સંભારતો તને;
તે નિત્યયુક્ત યોગીને સે'જે તું પ્રાપ્ત થાય છે.

(૧૨)

પત્રં પુષ્પં ફલં તોયં જે આપે ભક્તિથી તને;
ભક્તિએ તે અપાયેલું આરોગે યત્નવાનનું.

(૧૩)

રહેલો આત્મભાવે તું, તેજસ્વી જ્ઞાનદીપથી
કરુણાભાવથી મારા અજ્ઞાન – 'તમ'ને હણ.

(૧૪)

તારે જ શરણે આવું સર્વ ભાવથી કેશવ!
તારા અનુગ્રહે લૈશ શાંતિ ને શાશ્વત પદ.

(૧૫)

છોડીને સઘળા ધર્મો તારું જ શરણું ધરું;
તું જ સકળ પાપોથી છોડાવ મુજને પ્રભુ !

(૧૬)

જે કરું, ભોગવું વા જે, જે હોમું દાન જે કરું;
આચરું તપને વા જે, કરું અર્પણ તે તને.

(૧૭)

મન-ભક્તિ તને અર્પું, તને પૂજું, તને નમું;
નિશ્ચે તને જ પામીશ, તું-પરાયણ ઈશ્વર.

હરિઃ ૐ

*

હરિઃ ૐ

## મોટાચરણે

૧

મોટા ! તમારી પ્રતિમા અહીં જે,
સમક્ષ મારી વિલસી રહી છે;
તે ચિન્મયીનાં નયનાંબુજોમાં,
કારુણ્યગંગા છલકી રહી છે

૨

તે પ્રેરણામૂર્તિ રહું નિહાળી,
તે ચક્ષુમાં ચક્ષુ રહું પરોવી;
તે હૃત્સરોજે સ્પરશી હું યાચું,
ના રાખજો આ મુજ પાત્ર કાચું.

૩

તમે પ્રભો ! પારસ, લોહ હું છું;
સુવર્ણ થવા તમને અડું છું;
હું કોલસો, અગ્નિ તમે કૃપાળુ;
હું અગ્નિ થાવા તમને અડું છું.

૪

તમે સખા ! સાગર, સ્રોત હું છું,
સમુદ્ર થાવા તમને અડું છું;
સંદીપ્ત છો જ્યોત, દિવેટ હું છું,
હું દીપ થાવા તમને અડું છું.

૫

હું બુદ્ધ છું, મુક્ત વિભો ! તમે છો,
હું મુક્ત થાવા તમને નમું છું;
ડૂબું જળે, સિંધુ તમે તર્યા છો,
'તારો મને'—એ સ્તુતિ હું કરું છું.

૬

દૈવી ગુણોનો કરીને વિકાસ,
મારા કરો અંતરમાં ઉજાસ;
અર્પો મને આંતરશક્તિ એવી,
જેથી તરું હું ભવસિંધુમાંથી.

૭

આ પંખીની પાંખ અશક્ત તોયે,
નિઃસીમમાં સંચરવા મથે છે;
ઇચ્છે થવા વ્યોમ વિષે પ્રવાસ,
અનંત ભોમે કરવા નિવાસ.

૮

તે પંખીની પાંખ ન જાય થાકી,
રૂંધાય તેની ગતિ ના કદાપિ;
એવું તમે જો બળ અર્પશો તો,
સંકલ્પ તેનો ફળશે અનેરો.

૯

શ્રદ્ધારૂપી તેલ હૃદે પૂરીને,
દિવેટ મારા મનની કરીને;
પ્રજ્વાલીને દીપક પ્રેમનો હું,
નીરાજના આપ તણી કરું છું.

૧૦

આ ભાવગંગાજળથી ભીંજાઈ,
સમક્ષ મારી પ્રગટો ત્વરાથી;
દિક્કાલનાં બંધન તોડી નાંખી,
આ વત્સને અંક ધરો કૃપાથી.

૧૧

વાણી તણું શાશ્વત મૂળ જે છે,
વાણી વડે તે સ્તવી શું શકાશે ?
પરંતુ જેથી પ્રગટી સ્વ-રૂપે,
તેને સ્મરી પાવન તે બને છે.

૧૨

જે આપના અંતરમાં વિશેષે,
સ્ફુરી રહ્યું ભાસ્વર દીપરૂપે;
ચૈતન્યરૂપે સઘળે પ્રકાશે,
તે જ્યોતિને અંતર આ નમે છે.

૯

૧૩

જો બુદ્ધિથી જ્ઞાન થવા મથું છું,
તો હું વધારે ભ્રમમાં પડું છું;
આથી બધો એ વ્યવસાય છોડી,
પ્રભો ! તમારે શરણે જઉં છું.

૧૪

શાસ્ત્રો તણાં અધ્યયનો થકી જે,
ને જ્ઞાનચર્ચા કરવા થકીએ;
કદી નથી પ્રાપ્ત કરી શકાતું,
તે સંતની આશિષથી પમાતું.

૧૫

તીર્થાટનો ભૂમિતલે કર્યાથી,
અનેક યજ્ઞો પણ આચર્યાથી;
જે સત્યનું દર્શન ના થવાનું,
તે સંતની આશિષથી પમાતું.

૧૬

સંસારદાવાનળથી તપેલા,
વિષાદના પંક વિષે ફસેલા;
મોટા ! તમે આ જનને ઉગારો,
લંબાવીને હાથ હવે તમારો.

૧૭

વળી રહી છે પ્રભુની કૃપા તો,
તે ઝીલવા પાત્ર મને બતાવો;
છે નાવડી સાગર મધ્ય મારી,
તેને તમે પાર કરો ત્વરાથી.

૧૮

હૈયે સ્ફુરે ઉત્કટ ભાવનાનું,
દેખી તમોને અણુમાત્ર બિન્દુ;
તો આપને અંતર વિશ્વબંધુ,
શો ઊમટે અદ્ભુત ભાવસિંધુ !

૧૯

આ વાદ્યમાં સૂર અખંડ પૂરો,
ને દિવ્ય રાગાવલિને જગાવો;
વાજિંત્ર મારા ઉરનું વગાડો,
ને વિશ્વસંગીત વિભો ! સુણાવો.

૨૦

આનંદનો સાગર નિત્ય રેલે,
જે આપના કોમલ અંતરંગે;
જ્યાં નાદનું કોકિલ નિત્ય ટ્હૂકે,
ત્યાં જીવ આ શીઘ્ર નિવાસ ઝંખે.

૨૧

જો આપનો સાથ મળી ગયો તો,
ઉજાગરો અંતરને પછી શો ?
કલ્પદ્રુમે આશ્રય અર્પિયો જો,
સંકલ્પ તો કેમ થશે ન પૂરો ?

૨૨

જે જન્મજન્માંતરમાં કરેલાં,
આ જન્મમાંયે પણ આચરેલાં;
જાણ્યે અજાણ્યે કરેલ કર્મો,
જ્ઞાનાગ્નિમાં તે સઘળાં પ્રજાળો.

૨૩

મારા હૃદે છે તણખો જ્વલંતો,
જે વીજ શો નિત્ય રહે સ્ફુરંતો;
તેને મહાજ્યોતિ બનાવી નાથ !
ઘનાંધકારે કરજો પ્રકાશ.

૨૪

આ નર્મદાએ તવ દેહ ઝીલી,
સંસારને ભેટ અપૂર્વ દીધી;
મોટા ! તમે જીવનસિદ્ધિ પામ્યા,
ને ખીલવ્યાં જીવન કૈં જનોનાં.

૨૫

અપૂર્ણતા આ 'જન'ની અનંત,
જાણો તમે તો પણ હે સમર્થ !
કારુણ્યભાવે નીરખી કૃપાળુ !
આ ખીલવો જીવનપુષ્પ મારું.

૨૬

હો શુક્લમાર્ગે ગતિ નિત્ય મારી,
તમિસ્રપંથે નવ હો કદાપિ;
આ માર્ગમાં જે પ્રતિકૂળતાઓ,
તેને કૃપાથી પ્રભુ હે ! નિવારો.

૨૭

આ પ્રાર્થના અંતરથી સ્ફુરી છે,
ઊંડાણથી આ સરિતા સરી છે;
તે આપનાં બે ચરણાંબુજોને,
પખાળતી ધન્ય બની રહી છે.

શ્રીસદ્‌ગુરુદેવકી જય !

ભજન

## હરિને ભજતાં

હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે....
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે.... ટેક

વહાલે ઉગાર્યો પ્રહ્‌લાદ હરણાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણ સંહાર્યો રે.... ૧

વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે....૨

વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે... ૩

આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે;
કર જોડી કહે પ્રેમળદાસ ભક્તોનાં દુઃખ હરશે રે... ૪

—પ્રેમળદાસ

*

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ, શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઉતરો. પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો. પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા; પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકલ વિકારો, પ્રાણ તણી વૃત્તિ; પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા હોઈએ પ્રભુ, તેવા દેખાવા–પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી કરજો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું; પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો. પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.
મન, મતિ, પ્રાણ પ્રભુ, તુજ ભાવમહીં ગળજો. પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

—શ્રીમોટા

હરિ : ૐ

## મંગલાષ્ટક
[શાર્દૂલવિક્રીડિત]
(ભાદરવા ચોથ પ્રસંગે)

વ્યોમે કુંકુમથાળ હસ્ત ધરીને ઊગી ઉષા ચોથની,
આવે એ અવનિ પરે ઝળકતી માળા લઈ પ્રીતની;
અર્પીને ઉરફૂલડાં પ્રિયપદે આશિષ વર્ષાવતી,
આપી રહી તુજ ચેતના અવનિમાં છાયા જ યુગો સુધી. ૧
તારા મંગલ જન્મથી ઝળકશે અદ્વૈતની જ્યોત શી !
તારા ચેતન-દીપથી પ્રગટશે ચૈતન્યની દીવડી;
તારા પ્રેમળ કાર્યથી વહી રહી ધારા હરિનામની,
સંસારે ભવસાગરે તરી જવા ઊગી ઉષા પાવની. ૨
દાઝેલાં, દુખિયાં દિલો જગતથી શાંતિ સદા પામતાં,
મૈત્રીને કરુણાભરી તુજ તણી વાત્સલ્યની છાંયમાં;
તારી મંગલભાવના સ્વજનનું હૈયું સદા ઠારતી,
અંધારાં હરવા ઉજાસ કરવા ઊગી ઉષા ચોથની. ૩
ઝાલ્યો તેં કર નાથ આ જગતમાં સુમેળને સાધવા,
દોર્યાં તેં અમને સદા પ્રભુપથે તિમિરને ટાળવા;
માયામાં અટવાયલા અમ ઉરે વર્ષી કૃપા ઈશની,
સંસારે ભવસાગરે તરી જવા ઊગી ઉષા પાવની. ૪
કાળાં કાજળ શાં હતાં અમ દિલો તે ભક્તિભાવે ભર્યાં !
પ્રીતિ પૂનમ શી ભરી ઉર મહીં હૈયાં કર્યાં ઉજ્જવલાં;
પામ્યાં પ્રેમલ છાંયડી તુજ તણી કો પૂર્વના પુણ્યથી,
અંધારાં હરવા ઉજાસ કરવા ઊગી ઉષા ચોથની. ૫
આ સંસારસમુદ્રના તટ પરે ઊભાં અમે નાથ હે !
જવાને પ્રભુપંથમાં દિલ મહીં ના હામ કાંઈ મળે;

હૈયાની તુજ હોડલી પર લઈ દેજે વિસામો હરિ;
સંસારે ભવસાગરે તરી જવા ઊગી ઉષા પાવની. ૬
દેહેથી દૂર છું પ્રભો ત્યમ છતાં ભાવૈક્યથી પાસ છું;
ભાવોનાં શત પુષ્પની તવ પદે પુષ્પાંજલિ આ ધરું;
આજે અંતરઆંખડી ખૂલી તને નિહાળશે નેહથી,
અંધારાં હરવા ઉજાસ કરવા ઊગી ઉષા ચોથની. ૭
આત્મા ને મન કાય પ્રાણ નમતા આજે ગુરુના પદે,
ભાવેથી ગુરુદેવના ચરણની ધૂલિ ચઢાવું શિરે;
જે ભાવે ઘનશ્યામને ભજી રહી ગોકુળની ગોપીઓ,
એ ભાવો મમ ઉરમાં વહી રહો એ પ્રાર્થના છે પ્રભો. ૮

—પુષ્પાબહેન દલાલ

## પ્રાર્થના

પ્રભુ, ચરણશરણમાં રાખો રે, પાવલે લાગું.
રસિયાજી, અંતરયામી, મારા હૃદયકમળના સ્વામી,
અલબેલા પ્રેમીનામી રે............પાવલે લાગું.
શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર કહાણી,
તોય મન રહ્યું હજુ માની રે............પાવલે લાગું.
અડવું બધું એનું ટાળી, હેળાવી ગઈ ગિરિધારી,
પદ લગાવી દો ને તાળી રે............પાવલે લાગું.
વ્હાલાજી, સાધન કંઈ ના, દિલ પ્રેમભાવનાં ફૂલડાં,
વેરું હું નિત તવ પદમાં રે............પાવલે લાગું.
બાળકનું જોર કશું શું, જો હોય કશું તો રડવું;
એ જોરે મારે તરવું રે............પાવલે લાગું.

—શ્રીમોટા

# ભાવાંજલિ

[ પૂજ્ય શ્રીમોટાના જન્મદિન પ્રસંગે ]

[ શાર્દૂલવિક્રીડિત ]

આજે શ્રીગુરુદેવ જન્મદિવસે, માંગલ્ય મુહૂર્તમાં,
ગૂંજી રહી હરિનામના સ્મરણથી શી પુણ્યભૂમિ અહા !
સત્કાર્યો સમભાવથી સ્વજનને સંવાદિતા સાધવા,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં આજે નમું ભાવથી. ૧

ગંગા, સિંધુ, સરસ્વતી, નર્મદા, કાવેરી, ગોદાવરી,
એ સૌ તીર્થજલો પધારી તમને આજે અભિષેકતા;
ધોવા માનવઉરની મલિનતા જન્મ્યા તમે વિશ્વમાં,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં કોટિ કરું વંદના. ૨

જેનું અંતર છે ધરિત્રી સમ જે ના ધૈર્યને છાંડતા,
જેનું દિલ વિશાળ વૃક્ષ સરખું છાયા શીળી આપતા;
એવા શ્રીગુરુપાદપંકજ મહીં આજે નમું ભાવથી. ૩

ખોલાવે, જડ નેણ જે પડી રહ્યાં નિદ્રાતણા ઘેનમાં,
ઉતારી વિષ, અંધકાર હરીને અમૃત વર્ષાવતા;
કૂંણી જીવનવેલને ખીલવતા સંજીવની અર્પતા,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં આજે નમું ભાવથી. ૪

માયા, મોહ, તિમિર દુઃખ સઘળાં કાપી હરે ગર્વને,
હૈયાને શીળી છાયમાં સમવતા જે પ્રેમથી સર્વને;
સંસારોદધિ પાર જે કરવતા રૂડા હરિનામથી,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં આજે નમું ભાવથી. ૫

કાયાને પલટાવતાં અણુઅણુ દેતા નવો જન્મ જે,
દારિદ્રો દફનાવીને મનતણાં ઐશ્વર્ય દે ઈશનાં;
એકાંતે હરિજાપ મૌનમહિમા જેણે વધાર્યો જગે,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં કોટિ કરું વંદના. ૬

શક્તિસ્ત્રોત સુષુપ્ત જે અમ મહીં વાત્સલ્યથી ખીલવી,
સૂતાં માનવઉરને જગવતા જે પ્રેમના મંત્રથી;
જેને અંતર ઝંખના સ્વજનનાં ઉત્કર્ષ કલ્યાણની,
એવા શ્રીગુરુપાદપંકજ મહીં કોટિ કરું વંદના. ૭

રાખો પ્રેમલ હસ્ત આ શિર પરે હંમેશ તેજોજ્જવલ!
આ સંયોગ ક્ષણે જ જીવનતણું વાંછો અમી ઉજ્જવલ;
સંસ્કારો વતી રેડજો હૃદયમાં સાત્ત્વિક ને નિર્મલ,
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ રૂપ ધરીને સૌનું કરો મંગલ. ૮

—પુષ્પાબહેન દલાલ

હરિઃ ૐ

# ગુરુનું ગુરુને અર્પણ

(વસંતતિલકા)

ઓળંગશે ગિરિ કૃપા થકી પંગુ તારી,
ને મૂક વાત કરશેય કૃપાથી તારી,
તારી કૃપાથી તૃણ મેરુ થશે, પ્રભુ, તે
માગું કૃપા, અવર આશ કંઈ નહીં છે. ૧

* * * *

(અનુષ્ટુપ)

જિંદગી આપવામાં શી જેણે માની કૃતાર્થતા!
અંજલિ આ ધરું પ્રેમે તેવા આચાર્ય-પાદમાં. ૨

* * * *

(વસંતતિલકા)

જે પ્રેમીએ સરળતા મુજને શી દીધી!
ને વેલછા મુજ અનેક સહી જ લીધી;
ચિંતો લીધું નહિ કશું મુજ આડુંતેડું,
હું તેમના થકી થયો કંઈ આજ જે છું. ૩
જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,
તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ?
શું પ્રેમનો વળી શકે બદલો કશાથી?
તે પ્રેમ તો જીવનની મુજ આદ્ય શક્તિ. ૪
તે પ્રેમમાં જીવનપ્રેમથી સર્વ ભાવો
—તે એક એક જીવને મુજથી કળાજો,
જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,
તે હો પૂરા જીવનના જ રૂપાન્તરે તો. ૫

લક્ષે ધરી હૃદયથી મુજ પ્રેમીને તે,
જો હું ધરી શકીશ જીવન પ્રેમભાવે,
ને પ્રેમ તે જીવનથી જીવને કૃતાર્થ
—પૂરો થતાં, જીવનનો મુજ પ્રેમ ધન્ય. ૬

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે,
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ, વાસ સહુ; ભેટ સ્વીકારી લેજે. ૭

કોટિ પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું. ૮

'તુજ ચરણે'માંથી

—શ્રીમાતા

## અખંડસ્મરણ માટે પ્રાર્થના

(હરિગીત)

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન–વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં;
મનની રમત ને ગમતમાં, મનનાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન–હૃદયમાં.
આમ શરીરથી બનતી ક્રિયામાં, ઇન્દ્રિયોના વિષયમાં,
આમ શરીર કેરા રોમ—રોમે, હૃદય કેરા લોહીમાં;
રગરગ મહીં, નખશિખ મહીં, ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન–હૃદયમાં.

## જીવનમાં ગુણ-ભાવ પ્રગટાવવાની પ્રાર્થના

(અનુષ્ટુપ)

'આંતર–જાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને'
એવા જીવન–હેતુનું, જાગજો ભાન તો હૃદે. ૧

આડુંઅવળું જોવાતાં, આડફંટે જતાં મન,
તને છે પ્રાર્થના મારી : 'રોકાજો તુજ તે પદ.' ૨

કેં ઉદ્વિગ્ન થતાં ચિત્ત, જગાજો ત્યાં સફાળું તે,
પ્રસન્નચિત્ત રે'વાને મથાજો અમથી હૃદે. ૩

ટંટો, ક્લેશ, અશાંતિથી, આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર—એવી છે પ્રાર્થના તને. ૪

કોઈને કાંઈ અન્યાય, થજો જીવનમાં નહીં,
સહેવાજો જ અન્યાય, કરેલો કોઈનો અહીં. ૫

સદ્‌ભાવ હો બધાં પ્રત્યે અસૂયા, દ્વેષ, વેર તે,
જીવને મુજને ના હો, પ્રાર્થના એવી છે તને. ૬

આગ્રહો ને સડાગાંઠો, ટેવ, સમજણો બધું,
થવા નિર્મૂળ મારાથી મથાવા પ્રેરજો પ્રભુ ! ૭

ખબરદારી, ખુમારી ને ખમીર ગુણ જીવને
જીવતાં પ્રગટેલાં હો, એવી છે પ્રાર્થના તને. ૮

ધૈર્ય, સાહસ ને હામ જીવન–વ્યવહારમાં
જીવતાં ટકજો નિત્યે, તને છે મુજ પ્રાર્થના. ૯

ઊંડી એકાગ્રતા હૈયે, ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે, થયાં સૌ કરજો અહીં. ૧૦

સ્વસ્થતા જળવાઈને, પ્રસન્નચિત્ત, શાંતિ ને
શાતા એકાગ્રતાપૂર્ણ પ્રભુ, પ્રસરાવજે હૃદે. ૧૧
હૃદય, મન ભક્તિથી રંગાયેલાં રહો પદે,
ચિત્ત, બુદ્ધિ, અહં, પ્રાણ ઠરો તે પાદપંકજે. ૧૨

રચ્યાપચ્યા રહેવાજો સદાયે મસ્ત કર્મમાં,
કદી પ્રમાદ સેવાજો મારાથી સહેજ વાર ના. ૧૩
કર્મ જે કરવાનું છે, જીવતું લક્ષ તે વિષે,
એકધારું રહો મારું—એવી છે પ્રાર્થના તને. ૧૪

મળેલાં કર્મમાં લક્ષ, ટકાવાને પૂરેપૂરું,
મથાજો અમથી અંતે પાર ઉતારવા રૂડું. ૧૫

કર્યાં કરું બધું જે તે પ્રભુપ્રીત્યર્થ ભાવથી
સમર્પણ થયાં તે તે કરાજો પદમાં સ્તવી. ૧૬

યદ્વાતદ્વા કશું કાંઈ અમારાથી થજો નહીં,
ગોટાળા ગડભાંજોમાં પડાજો ના અમો થકી. ૧૭

દુઃખોની ને અનિષ્ટોની અનિચ્છનીય એવી જે
આંધીમાંથી કૃપાથી તું પાર ક્ષેમ ઉતારજે. ૧૮

વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, સંસારે આવવાની છે,
માથું ઊંચું રખાવાને તે વેળા હામ પ્રેરજે. ૧૯

વિપત્તિ, સંકટો સામે મર્દાનગીથી મુજને,
ટકી રહેવા ટટ્ટારીથી, પ્રેરજો શક્તિ જીવને. ૨૦

# પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના

(ગઝલ)

મને સંભાળતો રે'જે હૃદય મુજ પાસ તુજ કરજે,
જીવનમાં તું સતત મારી, હરિ, રક્ષા જરૂર કરજે. ૧

જીવનમાં સર્વ સંભાળ, જરૂર લેતો સદા રે'જે,
તને સંભારવાનું દિલ, રખવજે મારું તું નિત્યે. ૨

સ્મરણ તારું હૃદય કરવા, મને ઉત્સાહ દિલ દેજો,
ભુલાતાં દિલથી તુજને, મને મન સોય ભોંકવજો. ૩

સ્મરણને જિંદગાનીનું ચરણ – અમૃત જાણીને,
સ્મરણજળમાં નાહવાને, મને તું પ્રેરતો રે'જે. ૪

હૃદય સંતોષવા તુજને, તું સદ્બુદ્ધિ મને દેજે,
થતી ભૂલચૂક મારી સૌ જતી કરજે, જતી કરજે. ૫

અનેકે દોષ મુજથી તો, થયા કરતા જીવનમાં તે,
ભલે શિક્ષા કરીને પણ ક્ષમા મુજને કરી દેજે. ૬

હૃદય તુજ યાદ ધરવાને મને ચાનક લગાડી દે,
સ્મરણ તારું થવા મુજને સદા તું ટોકતો રે'જે. ૭

ભુલાતાં તે સ્મરણ તારું હજારો વીંછીનાં ડંખે,
શરીરમાં વેદના ઉગ્ર, તું પ્રગટાવી સીધો કરજે. ૮

## અન્ય પ્રાર્થનાઓ

### શંકા કુશંકા વેળાએ

જે જે શંકા, કુશંકાઓ છે પૂર્વગ્રહ બુદ્ધિના,
કૃપાથી સૌ હઠાવીને પ્રેરજો શુદ્ધિ બુદ્ધિમાં,
થવાને ભાન હૈયાથી પ્રભુ તારા વિષે મને,
મથાવીને કૃપાથી તે પ્રેરજો ભક્તિ, હે હરે !

○ ○ ○

### જન્મદિન

(શાર્દૂલ વિક્રીડિત)

આ જે જન્મ, શરીરનો નવ ગણો, તે જન્મ તો પામવા—
દૈવી ભાવ પ્રભુ તણો જીવનમાં, તેની પ્રતિષ્ઠા થવા;
પામ્યા સ્થૂળ નહિ નિરર્થકપણે, એ સૂક્ષ્મ ચેતાવવા,
એવું ભાન થયાં કરો હૃદયમાં, એવી હજો પ્રાર્થના.

### ચોપડાપૂજન–લક્ષ્મીપૂજન

(શાર્દૂલવિક્રીડિત)

લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય બનતાં, શક્તિ બને લક્ષ્મી તે.
તેનું ભાન જગાડવા જીવનમાં, પૂજાવિધિ આ ખરે !
ધર્મે જે વપરાય લક્ષ્મી જીવને સદ્‌બુદ્ધિ પ્રેરાવતી,
ને સંસ્કાર સ્ફુરાવીને જીવનમાં, આનંદ રેલાવતી.

○ ○ ○

જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને; ઐશ્વર્ય દે પૂર્ણદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનને, તે લક્ષ રે'જો સદા.

(અનુષ્ટુપ)

પરમાર્થ અને સ્વાર્થ બંનેનો મેળ જીવને,
–પ્રેરાવવા મળી લક્ષ્મી વપરાજો રૂડી રીતે.

**આહુતિ મંત્ર-૧**

સૌ અનિષ્ટથી મુક્તિ થવા કાજે હૃદે ઊંડી.
પ્રાર્થના કરી આહુતિ આપીએ સ્મરીને હરિ.

**આહુતિ મંત્ર-૨.**

(અનુષ્ટુપ)

પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા;
આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.

**યજ્ઞપૂર્ણાહુતિ મંત્ર**

(અનુષ્ટુપ)

યજ્ઞપૂર્ણાહુતિ અંતે હૈયાના ભાવથી કરી;
કરીએ પ્રાર્થના ભાવે, નિષ્ઠા રખાવજો ખરી.

**સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના**

[સ્વજનના મૃત્યુ બાદ જીવાંત્માના શ્રેયાર્થે બની શકે તો ૧૬ દિન રોજ સવારસાંજ કુટુંબીઓ સાથે સમૂહમાં યા એકાકી કરવાની પ્રાર્થના].

(શિખરિણી–મંદાક્રાન્તા)

ગયેલા આત્માને મન–હૃદયમાં, આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ ! કરવજે, સર્વ કલ્યાણ શ્રીજી;
બધા જીવો સાથે ગત જીવનમાં, જે થયેલો સંબંધ,
કરાવી દો એને સહુ તરફથી, સાવ નિશ્ચિંત મુક્ત.

હરિઃ ૐ

# પૂજ્ય શ્રીમોટાની ટેઈપ-રેકોર્ડેડ વાણી

(સદ્‌ગુરુનું) બહુ પ્રેમભક્તિ, જ્ઞાનપૂર્વકનું સ્મરણ થાય છે. એમનો આભાર શબ્દથી માનવો એ કોઈ રીતે યોગ્ય નથી. એ તો એવા સદ્‌ગુરુનું ઋણ ત્યારે જ ફીટે કે એણે જે દીવો મારામાં પેટાવ્યો, એવો સદ્‌ભાવ કોઈ જીવમાં પેટાવી શકાય. ભગવાનની કૃપાથી, તો જ એનું ઋણ ફીટી શકે. એવું ઋણ વાળવાને માટે આ મંદિરો-આશ્રમો મેં કાઢેલા છે. અમારે ત્યાં કોઈ ભાષણ, કોઈ પ્રવચન કંઈ ન મળે. ભલે બીજે શાસ્ત્ર-બાસ્ત્ર વંચાતાં હોય. પણ જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય આ જ્ઞાન કોઈ કાળે બની શકવાનું નથી એ મારા મનમાં એક નિર્વિવાદ હકીકત થઈ ગઈ છે. જાતે, પોતે જ મથવું જોઈએ. ઘણા મહાત્માઓની પાસે હું ગયેલો છું-સત્સંગના હેતુથી-પણ જાતે મથવાને માટે મને બહુ ઓછાએ મહત્ત્વ આપ્યું છે. આશીર્વાદ અને કૃપાને ઉપર એ ઊભા. આજે પણ આપણો સમાજ આશીર્વાદ અને કૃપા માંગી માંગીને લૂલો થઈ ગયો. હું કહું છું કે આશીર્વાદ અને કૃપા એવા રેઢાં પડયાં નથી ભાઈ! એ પૈસાની વરિયાળી પણ ગાંધીને ત્યાંથી મફત મળતી નથી. તો આશીર્વાદ અને કૃપા માંગવાની ધૃષ્ટતા સમાજ કરે છે તે ઉપરથી એનું આખું મૂલ્યાંકન થઈ જાય છે. પણ

એ અંગે હું પછી કહીશ.

શરૂઆતમાં તો આ ઉત્સવ ઉજવવાનું જે ભાઈને દિલ થયું. મેં તો કોઈને કંઈ કહ્યું નથી ભાઈ. આ ઉત્સવો એટલા માટે જ ઉજવવા દઉં છું. હું તો નાનકડો માણસ છું. બહુ બહુ તો, લોકો ગમે તેવી ઉપમા આપે. 'સંત–મહાત્મા'–ગમે તે કહે! તે પણ ખોટી વાત છે. હું તો આમાંનું કંઈ જ કશું નથી. હું બહુ બહુ તો આ સમાજનો એક નાનકડો અદનામાં અદનો એક નોકર છું એ મને લાગ્યું છે. મારા દિલમાં લાગ્યું કે આ સમાજ બેઠો નહિ થાય તો આ સ્વરાજ મળેલું હોવા છતાં ખપનું નથી. આ આપણા સમાજના જીવનમાં એટલી બધી ઊણપો છે. એ ઊણપો કંઈ મારા એકલાથી ટળી શકે તેવી નથી. પણ જે મારાથી થાય તે હું કરું છું. પણ હું કોણ માત્ર? હું એટલે તો સમાજ. અને સમાજ મને આપે છે માટે હું કરું છું. સમાજ ના આપી શકતો હોત તો હું કેવી રીતે કરી શકત? સમાજના જ બધા રૂડા પ્રતાપ! કે મારું નામ ગવાય છે તે ખોટું ગવાય છે. પણ જેમ કોઈ શેઠને ત્યાં બે ચાર–પાંચ મુનીમ હોય અને કોઈ મુનીમ સારું કામ કરતો હોય તો કહે કે ફલાણા મુનીમે આ કર્યું. એવી રીતે મારું નામ બોલાય છે. બાકી એની પાછળ તો સમાજ બેઠેલો છે. એટલે આ બધા ભાઈઓએ, જેમને આ વિચાર સૂઝયો કે પાંચ–દસ પંદર માણસોએ ભેગા થઈ, આ મોટાનો ઉત્સવ અહીં ઉજવવો ને એમને રકમ મળે! મારે દેવું પણ થતું. સાહેબ! આ સૂરતમાં

કંઈ ઓછા પૈસાદાર પડ્યા નથી. પણ કોઈને એમ ન થયું કે આવો. છોકરામાં આરોગ્ય જેનું સુધરે, તંદુરસ્તી બક્ષીએ. એવું સુંદર એક સ્નાનાગાર બનાવીએ. એ મને ચોખાવાળાએ કહ્યું, હજુ છે ચોખાવાળા, આપણા ગામના જ છે. ત્રણ ચાર ઠેકાણે એણે ભાષણો કર્યાં, પણ કોઈ તૈયાર ન થયું. એમણે મને કહ્યું, "મોટા, આ તું જ કરે તો જ થશે." મેં કહ્યું, "કરીએ ભાઈ આપણે" મને તો બહુ ગમે છે. આ જુવાન છોકરાઓ–છોકરીઓ તરવાનું શીખે અને આવો આપણા શહેરમાં સ્નાનાગર હોય. હવે સંપૂર્ણ એનું મહત્ત્વ જાગેલું છે.

જે શહેરમાં સ્નાનાગાર ન હોય તે શહેર નહીં કહેવાય. આપણે ત્યાં હજુ તો બહુ ઓછો–એક–સ્નાનાગાર–તો બહુ ઓછા ! અમદાવાદમાં તો આઠ છે. અમદાવાદની તમે પ્રતિષ્ઠા સાંભળો, પૈસોટકો આપવામાં બહુ ઉદાર નહિ તેમ કહેવાય છે. તેમ છતાં ત્યાં આઠ સ્નાનાગરો છે. આપણે ત્યાં એક જ છે માંડ માંડ. હજુ તો ઘણા કરવા જોઈએ પણ મારી પાસે પૈસા નથી. નહિ તો જરૂર આજે પણ કરું, પણ પૈસા આપે તો. અને પૈસા મારે ખૂટતા હતા. બહાર સ્નાનાગર કર્યો ત્યારે એમાં પણ મારે ૯–૧૦ હજાર ખૂટતા હતા. આપણી કોર્પોરેશનને ૨૫ હજારનું, આપી પણ દીધા છે પૈસા. એ સૂરતના છોકરાઓને માટે જ છે. એને પણ એ બધા પૈસા ખૂટતા હતા. આ બધા ભાઈઓએ ભેગા મળીને જે મહેનત કરી–પ્રભુદાસભાઈએ એમનો જે ટેકો આપ્યો અને મારા જેવા માણસને મદદ

મળે એમની એવી સહાનુભૂતિ, ઓથ આપ્યાં, પ્રેરણા આપ્યા. અને પોતે પ્રેમથી પ્રમુખ તરીકે હાજર રહ્યા. દરેક અમારા કામકાજમાં હાજર રહ્યા અને એમનો વખતસર આવવાનો સ્વભાવ જાણીને હું બહુ રાજી થયો. ત્યારે આ બધા ભાઈઓએ કેટલા કેટલા હાથે કામ થયું ? અને કેટલાક ભાઈઓએ તો એવું કામ કર્યું કે આપણે અંજાઈ જઈએ. જેમના વિષે કંઈ ધારણા નહિ એવા ભાઈઓએ કામ કર્યું છે આમાં. અને કેટકેટલા વાર તો ભાઈઓ પોતાના કામકાજ મૂકીને સતત આની પાછળ જ પડચા અને આવી સરસ મને મદદ કરી. મને એટલે આ સમાજને મદદ કરી. અને હું કંઈ આ પૈસા આશ્રમમાં ખાઈ જવાનો નથી. બહારથી આવે એમાંથી એક પૈસો પણ અમે આશ્રમમાં ખર્ચતા નથી. અને અમે બહુ કરકસરથી જીવીએ છીએ. હું તો ગાંધીજીના જીવનમાં જીવતો હતો ત્યારે આશ્રમો મેં ચલાવેલા છે. એના કરતાંય કરકસર રીતે અમે જીવીએ છીએ, સાહેબ ! એ આશ્રમો જાતે મેં ચલાવેલા. એના કરતાંય કરકસરથી જીવીએ છીએ. હિન્દુસ્તાનના, હું છાતી ઠોકીને આજે તમારા બધાની સમક્ષ કહી શકું એમ છું કે હિન્દુસ્તાનના ઘણા આશ્રમો હું ફર્યો છું—સત્સંગને માટે. પણ ત્યાં તો ઓ બગાડ, રોજ મિષ્ટાન. મેં કહ્યું, 'અલ્યા, બ્રહ્મચર્ય પાળી શી રીતે શકો ?'' પણ આજે પણ ત્યાં આજે પણ એમ જ ચાલે છે.

ભટ્ટસાહેબને કેમ છે, મોદી સાહેબ ? એમને અહીં ખુરશી ઉપર બેસાડ.

બહુ લોકોએ આમાં, પંદરવીસ ભાઈઓએ એટલી બધી મહેનત કરી છે પણ એ બધા મને કહેતા હતા કે, "મોટા, જ્યાં ગયા ત્યાં અમને પ્રેમથી લોકોએ પૈસા આપ્યા છે કે મોટાનું કામ સારું છે." કારણકે એક પૈસો ગેરવલ્લે ન જાય, સાહેબ! આ જુઓ, મારું શરીર નહિ હોય ત્યારે લોકો વખાણશે. મેં ઘણાં બધાં ટ્રસ્ટો જોયાં પણ ત્યાં પૈસા ગેરવલ્લે, પણ મારા પૈસા એવા કે સુરતમાં મેં કોર્પોરેશનને તરવાની હરીફાઈના આપ્યા તે આખા હિન્દુસ્તાનમાં પહેલવહેલી થઈ. કોઈ ઠેકાણે આવી તરવાની હરીફાઈઓ નથી નદીઓમાં. પણ એ રૂપિયા મારા કાયમ રહે અને સદ્‌વૃત્તિ સદ્‌પ્રવૃત્તિ લાંબો ગાળો ચાલ્યા કરે. એક પૈસો પણ એમાંથી બગડે નહિ. પૈસાનું વ્યાજ આવે તે બધું પેલા લોકોને આપી દેવાનું. એક પૈસો પણ એનો એડમીનીસ્ટ્રેટીવ એક્સપેન્સમાં નહિ જાય. એટલે કે કાર્યવાહીને માટે જે પૈસો ખર્ચાય તે પૈસો પણ પેલી રકમમાંથી બાદ ના જાય. એકે એક પૈસો સમાજનો સદ્‌વ્યય પામે. એક પૈસો પણ બગડે નહિ એની કાળજી ભગવાનની કૃપાથી લેવાઈ છે. મેં બધા ગાંધીજીના વખતમાં પણ કામ કર્યું છે. વીસ વર્ષ સુધી ગુજરાતના હરિજન સેવકસંઘના અધિવેશનનો હું મંત્રી હતો. એટલે આ બધા ત્યાં પણ ગાંધીજી જીવતા હતા ત્યારે ખાદીસંઘમાં ને બીજે બધે પણ ગોટાળા થયેલા. એટલે આ બધી એટલી બધી કાળજી ભગવાનની કૃપાથી રખાય છે. માણસની ચાલે એટલી બધી કાળજી કે એક પૈસો પણ બગડે નહિ, એક પૈસો પણ. કારણ કે આ ભગવાનનો પૈસો છે. એથી આશ્રમમાં

પણ અમે એટલી બધી કરકસરથી જીવીએ છીએ. કોઈ દિવસ અમારે ત્યાં મિષ્ટાન થાય નહિ, ભજીયાં, સાહેબ, ભાવે ખરા મને ઘણા ! સાહેબ, પણ અમારે ત્યાં આશ્રમમાં થાય નહિ. આ એસીડીટી થઈ છે. શીરો ખાવાનું થાય, ગોળનો શીરો હોય તો સારું ! ઝટ પતી જાય, પણ મારાથી થાય નહિ, સાહેબ. ગામમાંથી કોકને કહું ને, આ મારો રાવજી-કાકો ઘી આપે, મહીં મહીં રાજી થઈને આપે તો સારું લાગે ! ખઈએ. મહીં મહીં તો. હમણાં રાજી નથી અમારી ઉપર. કાંટાવાળા સાહેબ ભલામણ કરજો જરા. મારો હાહુનો ઘી નથી આપતો. પહેલાં તો દર વખતે મનથી, અમારે કંઈ કહેવું ય ના પડે. લોટો ભરી આપે જ. પણ બગડી ગયા હશે અમે સાહેબ અમે કાં તો એ બગડ્યા હોય, ક્યાં તો હું બગડ્યો હોઉં, પણ અમને મહેરબાની ઓછી થઈ ગઈ છે સાહેબ. તમારા ભાઈબંધ છે તે ભલામણ કરજો. આ છોકરો મરવાનો થયો છે. હવે સાચું કહું છું. સાહેબ, શરીર કોઈનું લાંબો ગાળો ટકતું નથી સાહેબ. આ એટલી બધી ભાઈએ મહેનત કરી છે—હું ઘણી વખત કહું છું કે "મારો ભગવાન મારો હજાર હાથવાળો છે તે હજાર હાથવાળો ભગવાન મને મદદ કરે છે." મારાથી અનેક કામો થયાં. મારા જેવા ભિખારી માણસ, સાહેબ, તદ્દન સાચે સાચા અર્થમાં કહું છું. પૈસો મારી પાસે છે નહિ. ૨૦ વર્ષ તો દેશની સેવામાં ગાળ્યાં. બહુ મસ્તીથી સેવા કરી. મારા ગુરુ મહારાજ એટલા બધા કાર્યદક્ષ અને વ્યવહારુ કે ફલાણાની ઠક્કરબાપાની લે પ્રસ્તાવના. મેં કહ્યું, 'આધ્યાત્મિક

બાબતમાં ઠક્કરબાપા શું સમજે ?' પણ આજે મને ખપમાં લાગે છે. તેમણે લખ્યું છે મારા વિષે કે આ છોકરો કેવુ કામ કરતો હતો. પરીક્ષિતલાલ, રવિશંકર મહારાજ, ત્યારે એ બધાની પ્રસ્તાવના લીધેલી ખપમાં લાગે છે. બધાએ લખેલું કે, 'આ છોકરાએ કેવું કામ કર્યું છે!' અને આજે પણ મારું શરીર તો ભાંગેલું છે. આજે તો બોલવાની મનાઈ જેવી વાત છે. હા. એટલું બધું દર્દ સવારમાં ચાર વાગ્યા પછી ઊપડ્યું કે અમદાવાદમાં ઉપડેલું અને કાંટાવાળા સાહેબને ઘેર જ હતો અને ત્યાંથી મને દવાખાનામાં, હોસ્પિટલમાં ખસેડેલો. એ જ—ની વાત હતી. અને ત્યારે, આ કાંટાવાળા સાક્ષી છે, એમ ને એમ હું વાત નથી કરતો. ત્યારે હું 'સદ્‌ગુરુ' ઉપર લખતો હતો ત્યાં એમને બેસાડીને લખાવેલું, મોઢામોઢ. એટલું સખત દર્દ થતું હતું તે સ્થિતિમાં 'સદ્‌ગુરુ' ઉપર મેં તેમને લખાવેલું અને તે લખી લેતા'તા. અને આજે પણ એવું દર્દ ઊપડ્યું, ચાર વાગ્યા પછી, મેં ચા પીધો પછી. મને ખબર આર. કે. તો નથી. ભટ્ટસાહેબ પાસે છે. એટલે આપણા સિવિલસર્જન ચૌહાણ સાહેબને ફોન કર્યો. બાને ઉપર ના લાવશો. હા બા પગે લાગું છું. આ મોટી ખુરશીમાં બેસાડો ભાઈ, બેસો બા. આ બધા ભાઈઓએ ઘણી મદદ કરી. અણધાર્યા ભાઈઓએ પણ ઘણી મદદ કરી. એ બધા ભાઈઓનો હું આભાર માનું છું. ખરી રીતે તો હું મારા ભગવાનનો આભાર માનું કે કેવા કેવા માણસોને એ પ્રેરીને, પ્રેરાવીને આ ભગવાનનું કામ કરે છે. અને આ સાલ પણ મેં દસ લાખ રૂપિયાનાં

કામ લીધાં છે. અને મારા ગુરુમહારાજ કહેતા કે, 'દીકરા, એવાં કામ કરવાં કે કોઈની નજર પણ ન પહોંચતી હોય, કોઈના ખ્યાલમાં પણ ન આવે.' તમને બધાને આશ્ચર્ય થશે કે, મોટા આ શું બોલે છે. તદ્દન સાચી વાત. આખા હિન્દુસ્તાનમાં તરવાની હરીફાઈ, હોડીની હરીફાઈ, દરિયામાં હોડીઓની ચાળીસ ચાળીસ માઈલની હરીફાઈ એ બધી આપણે આશ્રમે યોજી. કોઈ ઠેકાણે હિન્દુસ્તાનમાં ન મળે. દરિયામાં તરવાની હરીફાઈ કોઈ ઠેકાણે ન મળે. એવી જ રીતે જુદાં જુદાં કાર્યો જે થયા છે તે પણ કોઈ ઠેકાણે, કોઈને ખ્યાલમાં પણ ન આવે તેવી જાતના બધાં કામો અને આજે મારું શરીર છે, નહિ હોય ત્યારે લોકો કહેશે કે આ મોટાએ સારાં કામો કર્યાં'તાં. પણ આપણો સમાજ કબરને પૂજવાવાળો ! એનો મને વાંધો નથી.મારે તો મારે ભાગે આવેલું કર્મ કરવું. અને તે આવા શરીરે પણ કરું છું. આવા શરીરે પણ કરવું, આવું શરીર હોવા છતાં હું કોઈ દિવસ કાર્યક્રમ નક્કી હોય તો હું છોડતો નથી. આ કાંટાવાળા સાહેબ બેઠા છે. આ મોટા માણસ છે. મોટા અમલદાર હતા સરકારના. એમને ત્યાં જ હતો. ડૉકટરે કહ્યું. તમારે રહેવું પડશે બે–ચાર દહાડા. મેં કહ્યું, 'અશક્ય વાત છે. મારો જે કાર્યક્રમ છે તે પ્રમાણે જવાનું.' અમે તો એ ગળથૂથીમાં શીખેલા છીએ. ડોકટર કહે, "જવાય નહિ. તમારું શરીર આવું છે. અમે રજા આપીએ તો અમે મૂર્ખા ઠરીએ.' પણ હું તો ગયો જ મારા કાર્યક્રમ પ્રમાણે. આજે પણ મારી એ જ સ્થિતિ હતી. ડો. આર. કે. આવેલા.

ચૌહાણને સવારે ફોન કરાવેલો કે પેટમાં બહુ દુઃખે છે, જરા આવી જાવ તો સારુ ! તરત જ આવ્યા. પછી એમને ખબર પડી એટલે આર. કે ને કહ્યું. આર. કે. આવ્યા, પ્રદીપ-ભાઈ આવ્યા. બે સોય ભોંકી એમણે તો. પછી કહે મોટા બોલશો નહિ. સાંજનો કાર્યક્રમ, બપોરનો કાર્યક્રમ મારો બંધ છે ભાઈ, અત્યારે તો મારે બોલવું જ જોઈએ. ભજનો તો હોય છે જ. પ્રશ્નોત્તરી મારી, દોઢ કલાક જે બોલવાનું હોય છે તે મેં બંધ કરી. હવે ડોકટરનું પણ મારે કહ્યું માનવું જોઈએ. અત્યારે તો મારે બોલવું જ જોઈએ. મારો ધર્મ છે. તે ધર્મમાંથી હું હટી ના શકું. પ્રશ્નોત્તરી એટલા માટે ના કહું કે કારણ કે પ્રશ્નો લોકો પૂછે તે માનું છું કે તે લગભગ સુપરફ્લુસીયસ હોય છે. બુદ્ધિની બંજવાળ જેવા–કંઈ એને એ પ્રમાણે માણસોને કંઈ કશું કરવું હોતું નથી. એમાં ઊંડા ઊતરવું પણ નથી. ખાલી પૂછવાની ખાતર પૂછતા હોય છે. એટલે એ ભાગ હું છોડી દઉં છું. અને હવે ભવિષ્યમાં હું રાખવાનો પણ નથી. બપોરનો કાર્યક્રમ હશે તો ભજન કે એ થશે, પણ પ્રશ્નોત્તરી બપોરે હું હવે નહિ રાખું.

હવે હું દીક્ષા ઉપર બોલીશ. ફરીથી પ્રમુખસાહેબનો અને આ ભાઈઓનો કે જેણે આ બધો, આ કામ કર્યું એ બદલ એમનો ફરીથી હું ઘણો ઘણો આભાર માનું છું અને મારો ભગવાન હજાર હાથવાળો જે છે તે એ લોકોને બરકત આપે. એમના ઉદ્યોગ–ધંધા, વેપારમાં, જે કંઈ હોય એમના સંસાર વ્યવહારમાં અનેક રીતે મારો ભગવાન હજાર

હાથવાળો એ સૌને બરકત આપે એવી મારી પ્રાર્થના છે.

દીક્ષા એટલે કોઈ–દીક્ષા એટલે–હું દીક્ષાનો અર્થ તમને સમજાવું. દીક્ષા એટલે ડેડીકેટેડ લાઇફ. એટલે આપણા જીવનને સર્વ રીતે અને સર્વ ભાવે જીવનના કોઈ ઉચ્ચમાં ઉચ્ચ આશયમાં હોમાઈ જવું. ત્યારે મને ખબર નહિ ભાઈ, ૧૯૨૧નો ડિસેમ્બરનો મહિનો હતો. અને ગુરુમહારાજ મને દીક્ષા આપવાના હતા. પણ મને ખબર નહિ. હું તો સાધુઓને ત્યારે હું એમ માનતો ઇકોનોમીકલ વેસ્ટ ઓન સોસાયટી. સમાજ ઉપર સાધુ સન્યાસીઓ ભારરૂપ છે. કંઈ જાતે–ત્યારે હું એમ માનતો....ત્યારે હું એમ માનતો અને એ સાધુએ જ મને ઝડપ્યો. પણ તે પહેલાં થોડી ભૂમિકા થઈ ગયેલી. મારા શરીરને ફેફરુનો રોગ હતો. ફેફરુનો રોગ ભારે! હિસ્ટેરિયા કરતાં પણ ભારે. હું તો ફેફરુ અને હિસ્ટેરિયામાં કંઈ સમજતો નહોતો. હિસ્ટેરિયા એટલે મારી જાતને રોગ થયો છે એમ ફૂટી માનતો. પણ આર. કે. એ કહ્યું કે ભાઈ મોટા, આ તો તમે અમસ્તુ કહો છો. આ તમને શરીરનો રોગ થયો હતો તે ફેફરું કહેવાય. તો સાહેબ, ફેફરું! ત્યારે તે તમે લખ્યું છે તે ખોટું છાપ્યું. ત્યારે ફરીથી છપાવીશ ત્યારે લખી દઈશ. કે ફેફરું ભાઈ–હિસ્ટેરિયા નહિ. તે હિસ્ટેરિયા તો મટે પણ ફેફરું તો કદી મટે જ નહિ તેવો રોગ છે આ. એ તમને મટયો એ નવાઈની વાત છે અમારા માટે. મેં કહ્યું કે ભાઈ ભગવાનના નામથી ત્યારે એ ફેફરુનો રોગ મને તો મટયો. (ફેફરુનો રોગ) થયેલો શરીરને એટલે હું

નર્મદાને કિનારે ગયેલો. તેમાં મરવાને, આપઘાત કરવાને પણ તૈયાર થયેલો. ભૂસકો પણ મારેલો પણ ભગવાને બચાવેલો. ત્યારથી મારા મનમાં એમ થયું કે આઈ એમ મેન્ટ ફોર સમથીંગ ! ખરેખર ભૂસકો મારેલો મેં. અને નદીમાં કઈ રીતે વંટોળ આવ્યો અને ફેંકાઈ ગયો તે આજે પણ મારી બુદ્ધિ કબૂલ કરતી નથી. એવી અજાયબીભરી હકીકત છે સાહેબ. પણ એ બનેલી સાચેસાચી. એ સોએ સો ટકા હકીકત છે. ત્યારથી મને ઉત્સાહ થયો જીવનમાં કે જરૂર કંઈક આ જીવનમાં—ભગવાને મને બચાવ્યો છે તે મારું આખું જીવન ભગવાનને માટે છે. અને આમ તો મેં નક્કી જ કરેલું. હાથમાં ગંગાજળ લઈને—જ્યારથી આ ગાંધીજીના સેવાના કાર્યમાં જોડાયો. ઘણી ગરીબી હતી. મારા મોટાં ભાભી વિધવા, મા બધાં ઘણું કામ કરતાં. આજે તો કોઈ સાક્ષી, મારા વિધવા ભાભી હજુ ગાંધીજીના આશ્રમમાં જીવે છે. ઘણું કામ કરતાં : દળણાં દળે, ખાંડણા ખાંડે અને મારી મા મને ઘણી ગાળો ભાંડે. કે, 'મારા રોયા આટલું બધું ભણ્યો છે ને નોકરી મળતી સારી તો લીધી નહિ ને અમારા કપાળે આ દળણાં રહ્યાં.' મેં કહ્યું, 'પરસેવાનો રોટલો તો મહાપુણ્યનો છે. એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. પરસેવાનો રોટલો આપણે ખાઈએ છીએ બા !' તો કે, 'મારા રડ્યા, તારે કમાવું નહિ એટલે !' તેના ગળે કેવી રીતે વાત ઊતરે ? પણ મારા મનથી આજે પણ હું કહું છું કે એ પુણ્યનો રોટલો સારો હતો. દળી-દળીને એ જે રોટલો અમે ખાતા તેની મધુરપ કંઈ ઓર છે.) આજે

એ મધુરપ નથી આવતી. ત્યારે એ સાધુમહારાજે મને દીક્ષા આપવાનું નક્કી કર્યું. ત્યારે હું દીક્ષા-બીક્ષામાં કંઈ સમજુ નહિ. પછી એણે મને સમજાવ્યું કે, હવે તારું જીવન સંસારને માટે નથી ભાઈ. તો મેં કહ્યું, "અલ્યા, મારે મા છે. આ છોકરાને મારે ભણાવવા છે. મારી જવાબદારી છે. તેને હું ફગાવી ના શકું." તો કહે કે, "તારે સંસારમાં રહેવાનું, મળેલા પ્રાપ્ત કર્મો કરવાના, પણ સંસારને માટે નહિ." તો કોને માટે અલ્યા ? તો કહે, 'સંસારમાં રહેવાનું, આ બધાં કામો કરવાનાં, મારા નાના ભાઈઓ—મૂળજી ને સોમાકાકા—અહીં પધાર્યા છે કે નહિ, (સોમાકાકા આવ્યા ? ક્યાં છે ? આવી પહોંચ્યા ? એ મારો સગો ભાઈ છે. કેટલા વાગે આવ્યા ?) એ લોકોને ભણાવવાની પણ જવાબદારી મારી. ત્યારે અમે બહુ ટૂંકામાં ટૂંકી રકમ લઈએ. સાત-આઠ માણસો પાળવાના. માથે જવાબદારી-પરીક્ષિતલાલ ને હરિવદન ઠાકોર ને હેમંતકુમાર નીલકંઠ હતા તે એકલરામ. અને મારે સાત માણસો પોષવાના. અમે તો નજીવી રકમ લેતા. નહિતર પછી સેવાનું ઊડી જાય ને ! આજે તો અમારા ક્ષેત્રમાં કામ કરવાના ૭૦૦–૭૦૦ રૂપિયા લે છે. ખાદીના ક્ષેત્રમાં આજે કામ કરનાર કેટલાય રૂપિયા લે છે. સાથે સેવાનું પ્રયોજન રહેતું નથી. એ તો હું હવે કહેતો નથી 'પણ આ બધું મારી જવાબદારી. ને મહારાજ, તમે મને. 'બધું કરવાનું ખરું' તો કોને માટે ? તમે કહો છો.' 'સંસારને માટે નહિ.' તો કહે, 'ના, સંસારને માટે નહિ. સંસારને મનમાંથી જ કાઢી નાંખ.' મેં કહ્યું.' 'એમ કંઈ

નીકળી ના જાય, ભાઈ તમે કહો એમ એક ઝાટકે કંઈ મનમાંથી નીકળી જાય એવું બને નહિ ભાઈ. 'પણ, તું ભાવના કેળવ.' મેં કહ્યું, 'એ વાત ખરી. શું ભાવના કેળવું?' કે' 'જે તે બધું ભગવાન–પ્રભુપ્રીત્યર્થે કરવાનું.' તો હા. એ વાત મને ગમી ગઈ. ભાઈ જ્યાં ત્યાં ભગવાન જ છે. અણુ અણુમાં એની શક્તિ છે. ને આપણામાં ય ચાલી રહ્યો છે. આપણાં સંચો તે તે પણ ભગવાનની શક્તિને લીધે. આ સંસાર પણ ભગવાનની શક્તિને લીધે જ ચાલી રહ્યો છે. જે કંઈ થાય છે તે ભગવાનની શક્તિને લીધે જ થાય છે. તે બુદ્ધિથી મારા ગળે વાત ઊતરી ગયેલી ને તે પ્રમાણે હું ભાવના કેળવીશ. ત્યારે કે, 'હવે તારે આખી જિંદગી ભગવાનને માટે જીવવાનું છે.' એ ગમી ગઈ વાત મને. બરાબર છે. પ્રભુપ્રીત્યર્થં પ્રાપ્ત કર્મ કરવા, ભાગી છૂટવાની વાત નથી એ મને બહુ ગમ્યું. કારણકે સંસારમાં પણ, ગૃહસ્થાશ્રમમાં પણ, કોઈ ભાગી છૂટતું નથી. એનાથી ભાગી છૂટાતું પણ નથી. બેળે બેળે પણ સંસારના કર્મ એને સ્વાર્થના કર્મ કરવા જ પડે છે. છૂટકો નથી. ત્યારે મને તો બહુ આનંદ થયો. ધેર ઈઝ નો એસ્કેપીઝમ સંસારમાં નથી. ગૃહસ્થાશ્રમમાં નથી. તો ભગવાનના માર્ગમાં તો હોઈ જ ન શકે. સાધુસંન્યાસીઓ આ લોકો આપણા દેશમાં થઈ જાય છે તે મારી સમજણની દૃષ્ટિથી મને બરાબર લાગતું નથી. કોક વિવેકાનંદ જેવો, કોઈ શંકરાચાર્ય જેવો, એક રામકૃષ્ણ જેવો, કોઈ એક રમણ મહર્ષિ જેવો થઈ–જાય તે બરાબર છે. જેને અગ્નિ અણુએ અણુએ,

રોમે રોમે, નસે નસે, રગે રગે, ભગવાનને માટેનો એવો જીવતો–જાગતો ચેતનાગ્નિ જેને ભભૂકેલો છે અને જેનું મન ભગવાનમાં જ રમ્યા કરતું હોય તેને અધિકાર છે સંન્યાસી થવાનો. બાકીનાને નથી. આ તો મારી એવી સમજણ. મેં લીધો નથી સંન્યાસ. ભગવા કપડાં મેં પહેર્યાં નથી. પણ મારે જીવવું છે ભગવાનને માટે! પણ ભગવાન આપણે જો માનતા હોઈએ. પ્રેમભક્તિથી, જ્ઞાનપૂર્વક માનતા હોઈએ તો તેની સેવા થવી જોઈએ. એ પણ મારે ગળે વાત ઊતરી ગઈ. સેવા તો કરવી જ જોઈએ ત્યારે ભગવાન તો રૂપ વગરનો છે. તેની સેવા કેમ થાય? ત્યારે સેવા તો ભગવાન તો આખા સમાજમાં, સકળ બ્રહ્માંડમાં, અણુએ અણુમાં, પ્રસરેલો છે.

આ સમાજની સેવા એ ભગવાનની સેવા છે. આ તો સમાજ એટલે આજના આ વાતાવરણમાં 'સમાજ' શબ્દ પ્રચલિત છે. એટલે 'સમાજ' શબ્દ વાપરું છે. બાકી મારા મગજમાં સમાજ નથી કોઈ કાળે. મારા મગજમાં તો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહેલો છું. મારા મનથી એ સો ટકાની હકીકત છે. જ્યારે કોઈ કાળે એ મગજ તપાસવાનું યંત્ર નીકળશે ત્યારે આજે પણ તૈયારી છે કે મારા મગજમાં મૂકીને જુએ કે સમાજ છે કે રાગદ્વેષ છે કે કામ, ક્રોધ, લોભ, મોહ છે કે ભગવાન છે? હું ભગવાનને માટે જ કામ કરું છું. અત્યારે જે કામ કરી રહેલો છું તે ભગવાનના માટે જ છે. પ્રભુપ્રીત્યર્થ સિવાય બીજો કોઈ મારા મગજમાં સંકલ્પ નથી. અને કોઈ

કહેશે કે, "ભાઈ, તમે બેઠા બેઠા ખુરશીમાં રહ્યા રહ્યા બોલ્યા કરો છો.' કોઈ સાબિતી વગર તો આ જગત તો કોઈ માનશે નહિ. જેને સાબિતી જોઈએ તો સાબિતી પણ છે. મારા શરીરમાં એટલાં દર્દો છે સાહેબ ! ફરીથી ગણાવું—મગજમાં છે તે ઝામર, આંખમાં ખીલ છે. ગળામાં પણ છે. આ દમ છે. એસીડીટી છે, સ્પોન્ડીલાઈટીઝ એટલે ગળામાં, પણ મણકામાંથી ગાદી ખસી ગયેલી છે. અને કમરમાંથી પણ ખસી ગયેલી. એટલું દર્દ થાય છે કે ડોકટર છે તે સમજે. હરસ—મસા પણ છે. ચામડીનું દરદ છે. ફ્લચ્યુ-એટિંગ બી. પી. છે. એવાં બધાં દર્દો છે. એસીડીટી તો હમણાં થઈ છે પાછી ને આ દમ પાછો થયેલો છે. ત્યારે આ બધા રોગોની વચ્ચે હું કોઈ દિવસ મારો પ્રોગ્રામ—મારો કાર્યક્રમ બંધ કરતો નથી. ગયા જ કરું છું એટલું જ નહિ સાહેબ, આ સતત સહ્યા જ કરું છું. આ પેટનું દર્દ—મારું પેટ કાપી નાંખવાના હતા અમદાવાદની હોસ્પિટલમાં. એટલું સખત દર્દ થતું હતું. ત્યારે કાંટાવાળા સાહેબને મેં 'સદ્ગુરુ' ઉપર કાવ્ય લખાવેલું. આજે પણ આશ્રમમાં બેઠો બેઠો કાવ્ય-ભગવાનના સ્મરણો લખ્યા કરું છું. કેટલી બધી ચોપડીઓ વરસમાં છપાઈ છે. જેને જોવું હોય તે જુએ. બેઠો બેઠો હું ભગવાનનાં ભજનો જ લલકાર્યા કરું છું. આવાં દર્દોની અંદર, મારો સગો ભાઈ છે તે કવિ છે—મારા કરતાં બહુ ઊંચી જાતનો. અને પ્રખ્યાત છે—બાળકેળવણીનો મૂળજી-કાકો અમારો—મૂળજીભાઈ ભગત કહેવાતો. તે મેં કહ્યું,

દવાખાનામાં છેલ્લે આઠમહિનાથી દસ મહિનાથી છે—મેં કહ્યું, 'મૂળજીકાકા, તને કાવ્યો આવડે છે તે બેઠો બેઠો લખને તું. આ દરદમાં ભરાઈ પડચો છું તે,' તો કહે, 'મોટા, હું શી રીતે લખું ? મારું મન તો આઠે પ્રહર, પળે પળ મારા આ શરીરના રોગમાં જ છે. બીજું કંઈ મને સૂઝતું નથી, આ છાપાનો રસિયો પણ છાપા વાંચી નથી શકતો.' ત્યારે દરદ એવું છે. બીજું કે તમને સૂઝવા ના દે. પણ ભગવાનની કૃપાથી લખું છું એ હકીકત છે. ત્યારે સાબિતી તો છે પણ ગળે નહિ ઊતરે લોકોને, પણ મારે એની કંઈ ચિંતા નથી. હું ભજન કરું છું તે કોકને માટે થોડો કરું છું ? આ તો કોઈને સાબિતી જોઈએ તો નક્કર છે સાબિતી. આટલા રોગો છે પણ હું ફર્યા કરું છું. કોઈ સંસારી, કોઈ ગૃહસ્થાશ્રમી નહિ ફરે. પોતાના સ્વાર્થ માટે પણ નહિ ફરે ! સાહેબ, એ હું સાચી વાત કરું છું. પણ મારે જીવું છે ત્યાં સુધી આ ભગવાનનો યજ્ઞ બંધ ન થાય તો સારું. જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી કર્યા કરીશ. કારણ કે ભગવાનની સેવા તો કરવી જ જોઈએ. જો હું, ભગવાનને મારો સ્વામી માનું, હું એનો નોકર હોઉં, મુનીમ હોઉં એનું કામ કરું તો શેઠ રાખે, ન કરું તો મને કાઢી જ મૂકે ને ! એની પેઢીમાં જો આપણે મુનીમ ઠર્યા, નોકર ઠર્યા અને જો કામ ન કરીએ તો કોઈ શેઠ આપણને રાખે ખરા ? એવી રીતે આ ભગવાન મારો શેઠ અને (હું)અદનામાં-અદનો નોકર છું. એટલે મારું એનું કામ કરવું જોઈએ. એની સેવા કરવી જોઈએ. એની સેવા એના ચરણકમળમાં

રોજ ને રોજ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ચઢાવવાને માટે આ સમાજનાં કર્મો એ મારે માટે પુષ્પો છે-ફૂલ છે. એ ભાવનાથી સમર્પણ અંજલિ રોજ ને રોજ ભગવાનને આવા કર્મો દ્વારા જ કરું છું. એ આવાં કર્મો સમાજની મદદથી જ થાય છે. મારી પાસે તો પૈસા તો છે નહિ. મારે પણ કેટલીકવાર અંગત પૈસા જોઈએ છે ખરા સાહેબ! સાચું કહું. તે હવે લોકો સમજવા લાગ્યા અને કોક આપે છે ખરા મને. કે 'મોટા, આ તમારે ખાસ અંગત, તમારે વાપરવા માટે, એવા જુદા રાખું છું-ભાઈ પાસે એનો હિસાબ છે એનો. મારા ચોપડામાંય રહે છે પણ બહુ થોડા. કારણકે કોઈ વખત મારે કોઈને સ્વયંપણે કોઈને આપી દેવાની પણ ઇચ્છા થાય છે. આને આટલા રૂપિયા આપી દો. હમણાં મેં એક જણને કહ્યું મારે આને આટલું દેવું છે. દેવું આ ભવમાં મેં કર્યું નથી. દેવું છે એનું માટે મારે આપવું છે એને. સાત હજાર રૂપિયા ક્યાંથી લાવીને મારે આપવા? શ્રીમદ્ રાજચંદ્ર તો વેપાર કરવા ગયેલા. બહુ બહાદુર માણસ. પણ એની પાસે તો એવા પણ માણસો હતા કે એને પૈસા પણ આપે. રેવાશંકર જગજીવનની પેઢી પણ આજે ચાલે છે. ત્યાં જઈને એ કમાયા લાખ રૂપિયા. એક રૂપિયો એણે ઘરમાં કુટુંબમાં પણ આપ્યો નથી. અને લાખ રૂપિયા થયા ત્યારે ગાદી ઉપરથી ઊતરી ગયા. પણ મારે અત્યારે મારા, મારાથી તો વેપાર કરવા જવાય એવું નથી. મારું શરીર પણ ચાલે એવું નથી. એટલે, અને નાનકડી રકમ હોય એના માટે જવું એ પણ નકામું ને!

એટલે મારે અંગત રકમોની જરૂર પડે છે. કોઈ કોઈક વાર ખરી, કોક આપે છે લોકો, તો મને પ્રેમથી આપે છે એ પણ ભગવાનની હું તો કૃપા સમજું છું.

પણ મૂળ વાત એ મારી એ દીક્ષા હતી, તે એ મારી દીક્ષા–મને કહ્યું, 'તારું આખું જીવન હવે ભગવાનને માટે છે હવે' મેં કહ્યું, કબૂલ, બરાબર' 'અને તને મળેલું પ્રાપ્તકર્મ–તારા મા છે, વિધવા ભાભી છે, નાના ભાઈ઼ઓ છે, ભાઈના–મારા મોટાભાઈ ગુજરી ગયેલા તેમનાં બે છોકરાં છે. તેમને ભણાવવાના–છોકરી હતી તેને પરણાવવાની–આ હતું. આ બધું કરવાનું–પણ આ બધું ભગવાનને માટે કરવાનું–હવે આ તારે સંસારમાંથી માયા, મમતા, મમત્વ, આ રાગદ્વેષ, કામક્રોધાદિ નીકળી જાય એવી રીતે કર. પછી એ જ દીક્ષા–પહેલે દિવસે તો પધાર્યા. મને કહે, 'આપણે તો એકાંતમાં રહેવું પડશે. મારે તો બંગલો'–'તો મારે બંગલો ક્યાંથી લાવવો ? હું ગરીબ માણસ અને તમે વાત કરો બંગલાની. તમે આવા સાધુ મહારાજ થઈ ને બંગલાની વાત કરો–એટલું સમજણ આ ગરીબ માણસ ક્યાંથી બંગલો લાવે ?' તો કહે,' 'એ વિના નહિ ચાલે. અલ્યા, પણ ઊભો રહે. એકલો બંગલો નહિ પણ એકાંત જોઈએ. સાથે જળાશય જોઈએ.' 'ઓ તારી' મેં કીધું. આ તો પાછી બે શરતો જોડે લગાડી. ત્યારે મને ખબર નહિ. પણ આજે હોય તો હું કહું કે, સાધુ મહારાજ કે કોઈ મહાત્મા પુરુષ કહે તો સામે દલીલ નહિ કરવી, તર્ક નહિ કરવો. આપણાથી થાય તો તે પ્રમાણે કરવું. આ હું તમને અનુભવની વાત કરું

છું. મેં એ પ્રમાણે કરેલું છે. કોઈની સાથે દલીલબાજી નહિ કરવી. આપણાથી થાય તો કરવું ન, થાય તો ના કરવું. પણ એની સાથે દલીલબાજી ના કરવી આપણે. પણ આપોઆપ ત્યારે મને સૂઝયું. મેં કહ્યું તો ખરું કે, 'આ સાહેબ. મારાથી થાય તેવું નથી. અશકય લાગે છે.' 'પણ અશકયનું શકય થાય ત્યારે જ ભગવાનની કૃપા છે–' એમ મને ત્યારે કહ્યું મહારાજે હોં! બહુ જુવાન ઉંમર હતી. પછી રોજ હું જઉ હરિજનવાસમાં–હરિજનનું કામ કરતો. તે ત્યાંથી ભજન ગાતો ગાતો જઉં ત્યારે હું તે રોજ મારે વો'રવાડમાં થઈને જવાનું. તે અમો વિદ્યાપીઠમાં ગાંધીજીના સંસર્ગમાં રહેલા તે સલામાલેકુમ કરવાની ટેવ પડી ગયેલી. રોજ હાજીકાસમના બંગલા પાસેથી જઉં ને રોજ પ્રભુચંદ-ભાઈ છે આપણા એ એટલા બધા ટાઈમ પ્રમાણે વર્તવા-વાળા તે મને પણ એ જ આદત. તે હું જતો હોઉં નિશાળે તો મારું ઘડિયાળ કોઈ મેળવી શકે. એટલા ટાઈમસર. આજે પણ મારું જમવાનું દસ વાગે એટલે દસ જ વાગે. તે પ્રમાણે ચાલ્યો જાઉં. તે રોજ કાસમસાહેબ ઓટલા ઉપર ઊભા રહે મારી સલામ ઝીલવા પણ આજે હું પેલા વિચારમાં હતો–ગુરુમહાજ કહે, 'બંગલો જોઈએ, એકાંત જોઈએ, જળાશય જોઈએ–મેં કહ્યું, 'આ મોટા જ્ઞાની થયા છે તે એમને ખબર નહિ હોય કે આ ગરીબ છોકરો કંઈથી લાવે બંગલો?' એટલે ત્યાં થઈને જઉં તે રોજની મારી પેલી ટેવ સલામ કરવાની તે ચૂકી ગયો. અને ૨૦–૨૫ ડગલાં આગળ ગયો ત્યારે મને યાદ આવ્યું

કે અરે, કાસમસાહેબને મેં સલામ ના કરી. અમારા નડિયાદના હશે તે લોકો જાણતા હશે. મારો રાવજીકાકો જાણે. તે પાછો આવ્યો હું. મેં કહ્યું, 'કાસમસાહેબ, માફ કરજો, આજે મેં માલેકુમ સલામ ના ભરી. સાહેબ મેં ભૂલ કરી દીધી ભારે.' 'નહિ છોકરા એ તો સારું થયું. પણ તું કંઈક ભારે વિચારમાં છું.' મેં કહ્યું, 'હા સાહેબ, વિચારમાં તો છું જ' 'તો મને કહે.' મેં કહ્યું.' 'સાહેબ, તમને કહીને શું કરું ?' 'અરે કહે, ખુદાતાલાની મરજીથી મારાથી કામ તારું થઈ જાય.' મેં કહ્યું, 'સાહેબ, કામ એવું છે કે થાય એવું નથી'. 'પણ અલ્યા, કહેવામાં તને શું વાંધો છે ?' તો મેં કહ્યું, 'વાંધો તો કશો નથી. કહું ત્યારે.' મેં કહ્યું, 'મારે ત્યાં એક ઓલિયા આવ્યા છે.' 'તો ધન્ય ભાગ્ય તારું, ઓલિયા તારે ઘેર આવ્યા છે.' 'તો કહે 'શું માંગે છે તારા ઓલિયા ?' મેં કહ્યું, 'એક બંગલો માંગે છે.' તો કહે, 'આપણો બંગલો છે એ આપી દઉં તને. જા વાપરજે એ રહે ત્યાં સુધી.' મેં કહ્યું 'ગજબની વાત છે. પણ બે શરતો એણે જોડે મૂકેલી છે. એકાંતમાં જોઈએ,' 'તો આપણો બંગલો એકાંતમાં જ છે.' આ રાવજીકાકાએ બંગલો જોયેલો છે. અને ત્રીજી શરત છે કે પાસે જળાશય જોઈએ. તો કહે, 'પાસે જળાશય પણ છે. રામતલાવડી છે કહે છે.' આ હો સાહેબ તે વખતે એટલો સાહેબ મન આનંદ થયો છે. કે મારું દિલ જાણે છે. એણે કહેલું કે અશક્યનું શક્ય થઈ જાય ત્યારે ભગવાનની કૃપા પ્રત્યક્ષ છે, મને ઘડીભર એમ થયું કે દોડીને જઈને

એમને પગે લાગીને 'એને કહી આવું કે મળી ગયું. પણ અમને કર્મ પરત્વેની વફાદારી ત્યારે એટલી બધી ભારે કે નહિ, આપણે કર્મ છે તે પહેલું જે મારે કામ કરવાનું છે એ વાત પહેલી. એટલે મારે કામે ગયો અને પરવારીને છેક સાંજે આવ્યો તે નાહીધોઈને એમને પગે લાગ્યો. આજે પણ જ્યારે જ્યારે હું મારા સદ્ગુરુના દર્શને ગયો છું ત્યારે હું નાહ્યાધોયા વિના હું પગે લાગ્યો નથી. અને હું પણ જ્યારે જ્યારે પગે લાગ્યો છું ત્યારે નવો સંકલ્પ એવો કર્યો છે. ફૂલ નથી ચડાવતો, માળા નથી ચડાવતો, ખાલી પગે નથી લાગતો. પણ એને પગે લાગવું હોય તો કોઈને કોઈ સમર્પણ જોઈએ. આપણે આ સમાજ તો ખાલી ખાલી પગે લાગે છે. હું ના પાડું છું. કહું કે ભાઈ,આ દર્શનની વાત છોડી દો. આપણે આ દંભ છે એક કારણ કે જો દર્શન હોય તો મનમાં તો એટલો બધો ભાવ ભભૂકે, એટલો બધો ભાવ હોય–સાહેબ, હું રાજકોટમાં ગયો ત્યારે મારા જૂના બધા સાથીદારો, ગાંધીજીના આશ્રમના, ગાંધીજીના પણ સાથીદારો–નામ તો બધાના નહિ કહું પણ બહુ મોટા માણસો–કહે, 'મોટા, અમે દર્શન કરવા આવ્યા છીએ.' ખાલી બોલો નહિ. આ દંભ છે તમારો. એમને મને કહેતાં જરાકે સંકોચ ન થયો. ભાઈ, નંદુભાઈ હાજર હતા. તે મનમાં એવો ભાવનો ઊભરો જાગ્યા વિના મારા હારા દર્શનની વાત કરો છો. આ દંભ છોડો. આ સમાજમાં મારું ચાલે તો ઘણા દંભ ચાલે છે. એટલે હું ના પાડું છું–દર્શનની કોઈ વાત મારી આગળ,

આશીર્વાદની વાત કરવી નહિ, કૃપાની વાત કરવી નહિ, કૃપા કે આશીર્વાદ મેળવવા હોય તો પહેલાં તેમનું કામ કરો. તેમનું મન રીઝાવો. ત્યારે એની કોઈ સેવા કરો. એ પછી વાત કરો. આ દર્શન માટે કેટલાય બહારગામથી આવે. મારા હાળા પૈસા ખરચીને કેમ આવ્યા ? તે કહે કે, 'દર્શન કરવા.' તો અલ્યા ભાઈ આટલા બધા પૈસા ખર્ચવાની શી જરૂર છે ? તારે ઘેર બેસીને કોઈ સારું કામ કર પરમાર્થનું. એ દર્શન છે. જો તમારે મારાં દર્શન કરવાં હોય તો મારું કામ કરો. એ દર્શન સાચાં દર્શન છે. આ ખોટી લોલુપતા છોડી દો. આ પગે લાગવાની વાત ખોટી. અમારો સમાજ નામર્દ બની ગયો. જો ખરેખરી ભાવના પ્રગટે તો માણસ મર્દ બની જાય. જબરદસ્ત ભાવનામાં પરાક્રમ રહેલું છે, શૌર્ય રહેલું છે, ધીરજ રહેલી છે. સહનશક્તિ રહેલી છે. ભાવનાથી ગુણ જીવનમાં પ્રગટે છે. એ ન પ્રગટે ત્યાં સુધી આ પગે લાગવાની ઘેલછા બધી નીકળી જાય તે બહુ ઉત્તમ છે. અને કેટલાક તો મારી બાધા માને છે એનો મનમાં મને બહુ અણગમો છે. ખોટી વાત છે. આ—ચલાવી —મને એના પૈસાય મળે છે સાહેબ, એ પણ કહું છું. પણ આજે હું જાહેરમાં કહું છું કે મારી કોઈ બાધા ન માને. આ ખોટો રિવાજ છે. અંધશ્રદ્ધા છે. તોડવી જોઈએ સમાજની. એટલો બધો ઘેલછાવાળો આપણો સમાજ છે. પેલા ખેરાળુમાં ૫૦ હજાર લોકો જાય સાલી આપણી—મને તો શરમ આવે છે. આપણી પ્રતિષ્ઠાને—આપણો સમાજ કેવો છે આ ? અને લોકો આંધળા થઈને દોડે છે. એવા મહાત્માઓ આવે

છે. આ ચમત્કારોની પાછળ ગાંડા થયેલા લોકો—હું કહું છું. આ ખોટી વાત છે. આની પાછળ દોડો નહિ. જ્યાં જ્યાં તમે ચમત્કાર દેખો ત્યાં બિલકુલ જાવ નહિ. ચમત્કાર આવા લોકોના જીવનમાં હોતા નથી એમ મારું કહેવાનું નથી. પણ કોઈક જવલ્લે કોઈ નિમિત્ત પ્રગટે ત્યારે આપમેળે થાય. દેખાડવાને કોઈ ચમત્કારો થતા નથી. ભલે ગમે તે કરતા હોય. પણ દેખાડો કરવાને ચમત્કાર હોતા નથી. તો કે, 'સત્યસાંઈબાબા કરે છે.' જે કોઈ કરતા હોય તેમને મુબારક. માથું નમાવું છું પ્રેમભક્તિપૂર્વક. પણ એથી તમને શું લાભ થયો ભાઈ? કોઈ કરોડાધિપતિ હોય, તમને શું લાભ થયો? એટલે મારી તો સમાજને પ્રાર્થના છે કે આ દર્શન કરવાની અને પગે લાગવાની બધી વાત છોડો.

મને અત્યારે ડોક્ટરે ઈન્જેક્શનો આપ્યાં છે. નોવેલજીન અને બેરાલ્ગાનનું. એટલે કહે, 'તમને સોસ ઘણો પડશે. બોલાશે નહિ. એટલે પાણી થોડું થોડું પીતા રહેજો.' એટલે તમને આ જણાવવાની ખાતર કહ્યું કે તમે બધા મારા ભગવાન છો તે સાચી હકીકત તમને જણાવવી જોઈએ. એક ભાઈ છે અમદાવાદના—તે દર મહિને આ મને કવર મોકલે. અંદર કંઈ લખ્યું ના હોય. અંદર ૨૦ રૂપિયા મોકલી આપે છે. એટલા નિયમિત રીતે. હું ઘણી પ્રાર્થના—તમારામાંના કોઈ હોય અને તેમને સંદેશો મોકલી શકાય તો, કહી શકાય તો કહેજો : ભાઈ, અમે તેને પહોંચ આપીશું. આમ તો જમા તો કરીએ છીએ ચોપડે એની પહોંચ તો ફાડીએ છીએ અનામી તરીકે. પણ દર

મહિને નિયમિત રીતે આવ્યા કરે છે. ત્યારે આ મારી કોઈ બાધા રાખશો નહિ ભાઈ. આ મારી તમને ફરીને વિનંતી છે કે આ ખોટી વાત છે. આ તમને આવીને વાત કરો તો હું સાંભળવાને તૈયાર છું. મારાથી બનશે તો પ્રાર્થના પણ કરીશ. પ્રાર્થનામાં હું બહુ માનું છું. ઘણું પ્રાર્થનામાં માનું છું. અને પ્રાર્થનાની શક્તિ પણ ઘણી ભારે છે એ પણ હું જાણું છું. અનુભવું છું. પ્રયોગથી કરીને કરું છું. મારા જીવનમાં મેં પ્રાર્થનાઓ કરેલી છે. કટોકટી વેળાએ, મૃત્યુ સામે આવીને ઊભું હોય તે વખતે પ્રાર્થના કરી છે, એમ ને એમ નથી કહેતો. સાપ કરડેલો મને. ઠક્કરબાપા સાથે સૂતેલા. હજુ તો શ્રીકાંત શેઠ તો જીવે છે એને જઈને કોઈ પૂછી આવી શકે છે. ૭૬ કલાક સુધી નોન-સ્ટોપ અખંડ ભગવાનનું સ્મરણ મોટેથી ચાલ્યા કરેલું, અશક્ય વાત-કોઈ થઈ શકે નહિ. ભગવાનની શક્તિ વિના ખાધા-પીધા વિના, ૭૬ કલાક અને પછી મને ૨૦ કલાક પછી ઠક્કરબાપા મોટરમાં નાંખીને લઈ ગયા. આણંદમાં-પેલા રાયણના દવાખાનામાં-ડો. કૂકના દવાખાનામાં. ત્યાં એ લોકોએ મારા આંતરડાં ધોયાં, પેટ સાફ કર્યું અને પછી તપાસ્યું અને પછી કહ્યું કે આ છોકરો જીવે છે શી રીતે ? પણ પાદરી લોકો આપણા કરતાં ભગવાનને વધારે માનવાવાળા. પણ ત્યારે પણ મારું ભગવાનનું સ્મરણ ચાલુ. ત્યારે આ ભગવાનની-હું ભગવાનની ભક્તિ કરું છું તે કોઈને દેખાડવા માટે કરતો નથી અને કોઈને કહેતો પણ નથી. પણ સતત મારી પાસે મારી પેન્સિલ અને નોટ

તૈયાર જ રાખું છું. આટલા બધા દર્દમાં આવા ભગવાનનાં ભજનો થાય છે અને કેટલી બધી ચોપડીઓ છપાઈ છે. પણ મારી તો તમને બધાંને વિનંતી છે કે આટલું બધું તમે સૂરતના લોકો કરો છો, જો કે સુરતની પ્રજા આમાં હાજર નથી ઝાઝી–બહુ જ નજીવા માણસો છે. તો પણ મારો સાદ પહોંચતો હોય તો કહું કે મારાં પુસ્તકો લેજો. કારણકે પુસ્તકો હું–એ પૈસામાંથી એક પૈસો મેં વાપર્યો નથી. જો હું બધું મારા ભગવાનનું કહું છું તો બુદ્ધિ મારા બાપની કંઈથી? બુદ્ધિ પણ મારા ભગવાનની છે. લાખ રૂપિયા ઉપરાંત મેં આમાં–પરમાર્થમાં–ખર્ચી દીધેલા છે. ચોપડે જમા થઈ જાય છે.એ બહાને તમે દરેક એક નાનકડી ચોપડી દસ–દસ ચોપડી વેચી આપે તો મને કેટલો લાભ થઈ જાય ? એ પણ વિચારજો ભાઈ. અહીં ચોપડીઓ પણ મૂકી છે. તે બધા જે ભાઈઓ થોડી પણ લેશો તો પણ મને મદદરૂપ થશે. કારણ કે મારે પૈસા તો જોઈએ છે. પૈસા વિના કોઈ કામ થતાં નથી. એ નિમિત્તે પણ મને મળે પૈસા. અને કોઈ કહે, 'મોટા, અમારા માટે લખો અમે ચોપડી છપાવીશું', પૈસા આપીશું,' તો હું લખું છું. એમને એમ નથી લખતો, સાહેબ પાછો. કોઈ ને કોઈ માણસો મને કહે છે. અને એટલું જ નહિ પણ બીજી તમારે સાબિતી જોઈતી હોય કે, 'આ મોટો જાણે છે. તો બીજી સાબિતી આપું. ભગવાન બોથડને વિદ્વાન બનાવે છે. તો હું જીવતોજાગતો દાખલો છું. હું હિમાલયની ગુફામાંથી આવીને બોલતો નથી. એની તમને ખાત્રી નહિ મળે. મારે તો મારા સાક્ષી–

ઓ જીવે છે આજે પણ. ક્યાં હું ભગવાનનું ભજન વગેરે કરતો હતો. ક્યાં એકાંતમાં કેવી જગ્યામાં–સિંહ રહેતા હતા ત્યાં–હું રહેલો છું. આ બધા જાણે છે હકીકત. હિમાલયની ગુફામાંથી આવીને કહેતો હોઉં તો ખાત્રી કેવી રીતે કરી શકશો બચ્ચાઓ, પણ મારા જીવનમાં તો તમને ખાત્રી મળી શકે તેવી છે. તે ઉપરાંત શરીરમાં આટલા બધા રોગો છે, કોઈપણ, આર. કે. ને પણ પૂછી શકો છો. એ રોગોવાળો માણસ આટલું બધું કામ કરે છે. એ કેટલી મોટી વાત છે? એ ઉપરાંત, મુખ્ય વાત તો આ છે કે મને કોકે કહ્યું, 'મોટા, તમે 'જિજ્ઞાસા' ઉપર લખોને. જિજ્ઞાસા ઉપર કોઈ ઠેકાણે, આટલું વિપુલ સંસ્કૃતનું સાહિત્ય–પણ કંઈ ના મળે. કોઈ આપણી હિન્દુસ્તાનની કોઈ ભાષામાં 'જિજ્ઞાસા' ઉપર કોઈ શાસ્ત્ર નહિ મળે. તો એના ઉપર શાસ્ત્ર લખ્યું સાહેબ–'જિજ્ઞાસા.' એવી રીતે શ્રદ્ધા, ભાવ, નિમિત્ત, રાગદ્વેષ, કૃપા, કર્મઉપાસના, હમણાં સદ્‌ગુરુ ઉપર પૂરું કર્યું મેં. આ કાંટાવાળા સાહેબને લખાવતો'તો. ઘણી માંદગી–ભયંકર દર્દ થતું હતું તે વેળા લખાવેલું. અને આજે પણ દર્દ થાય છે ત્યારે લખાવું છું. હમણાં હું 'સ્વાર્થ' ઉપર લખું છું. એક જણે મને સ્વાર્થ ઉપર લખવા કહ્યું. મને થયું કે સાલું સ્વાર્થ ઉપર શું લખવું? સ્વાર્થ દેખીતો જ છે. મેં એમને એમ કહ્યું કે, 'સાહેબ, સ્વાર્થ ઉપર તો નહિં લખાય. એમાં શું લખવું છે?' પછી મને એમ થયું કે સાલું, નજીવામાં નજીવું હોય, એના ઉપર શાસ્ત્ર લખીએ ત્યારે જ ખરા

આપણે. ગુરુમહારાજ કહે, 'ત્યારે આપણે ખરા. લખ દીકરા.' તે સ્વાર્થ ઉપર લખવા માંડ્યું. ચારસો પચીસેક કડીઓ થઈ ગઈ.

'એ ચોપડી વેચી આપી શુ.' (એમ) તમે કહેશો તો જ લખીશ. મને એમ ને એમ લખવાનું–લખતો નથી. અને એ રીતે લોકો મને મદદ કરે છે અને મારા શરીરના કષ્ટમાં એ દિવસો ભગવાનના ભજન લલકારવામાં જાય છે એ મારે માટે ઉત્તમ ભગવાનની સમર્પણાંજલિ છે. એટલે કોઈને મન થાય તો કહેજો ભાઈ.

હવે આ દીક્ષા દિવસ મને જ્યારે લેવડાવ્યો ગુરુમહારાજે. પણ સાહેબ, કાળ જુઓ. વસંતપંચમી હતી. આજે તો નથી વસંતપંચમી, પણ રવિવાર આવે. બહારથી ઘણા લોકોથી આવવાનું સરળતા પડે એટલે આ રવિવારનો દિવસ રાખ્યો છે. પણ એનો દિવસ વસંતપંચમીનો છે. વસંતમાં બધું ખીલે. ઝાડ, પુષ્પો–વગેરે બહાર–કુદરતના સૌંદર્યની બહાર–ખીલે એવી રીતે આપણા જીવનમાં પણ વસંતપંચમી ખીલી ઊઠે–એક સીમ્બોલિક લક્ષણ હતું ગુરુમહારાજનું. વસંત–મને બેસાડ્યો–અને કે, 'તું હવે આમ બેસીને તું વિચાર વગરનો થઈ જા,' હું તો બેસી રહ્યો. સાહેબ નથી થવાતું. 'શું કહે છે અલ્યા ?' મેં કહ્યું, 'સાહેબ નથી થવાનું, મને તો ઘણા વિચારો આવે છે.' કે' એમને આંખો મીંચીને, મારી મૂર્તિ સામે રાખ. મેં કીધું, 'મૂર્તિ તો તમારી રહેશે, પણ વિચારો તો હજુ આવે

છે. 'અલ્યા, મારી મૂર્તિ રહે છે ને વિચારો આવે છે. મારી મારી મૂર્તિને હજુ તને પ્રેમ નથી.' મેં કીધું, 'સાહેબ, એકદમ તો કેવી રીતે પ્રેમ થઈ જાય? ક્ષણવારમાં કંઈ એવો પ્રેમ થઈ જાય નહિ. આપણે હળીએ-ભળીએ, ભેગા રહીએ. એકબીજાની સાથે કામકાજ કરીએ. કંઈ ઘણા દિવસો સાથે જાય તો હજુ કંઈક રાગ થાય તો કંઈક તમારામાં મન રહે. એકદમ તો કંઈ ના રહે. પછી કહે, 'ફરીથી કર. મારી મૂર્તિ સામે રાખી. આંખો બંધ કરી અને મૂર્તિને સામે રાખ અને પછી વિચાર બધા બંધ થઈ જાય તો જો. ફરીથી કર્યું. મને વિચાર આવવા જ લાગ્યા. મેં કહ્યું, 'સાહેબ, વિચારો આ તો બહુ આવે છે. ઓર વધારે આવે છે. પછી ત્રીજી વાર કરાવ્યું. તોય કંઈ થયું નહિ. એમના મનમાં કંઈ સંકલ્પ હશે. કંઈ ભાવના મૂકતા હશે. એ બનતું હશે. પણ મારું મગજ એ સ્વીકારી શકતું નહોતું. પણ મને તો જે થતું હતું તે કહ્યું, તેમને ચીડ ચડી હશે કે ગમે તેમ, પહેલાથી ખોળી રાખ્યું હોય, પ્લેનિંગ હોય, તેમની પૂર્વયોજના હશે. તેની મને ખબર નહિ. મોટો ખીલો-આટલો મોટો ખીલો-એની આગળ આટલો મોટો ખીલો પેલો દટ્ટો મોટો આવે છે ને સાહેબ, છ-સાત-આઠ ઈંચના-આગળ લોખંડનો દટ્ટો-એ દટ્ટો મને અહીં એટલો જોરથી માર્યો સાહેબ, આટલો બધો જોરથી માર્યો કે શરીર બેભાન થઈ ગયેલું મારું. અને જેવો પલાંઠી વાળીને પદ્માસન વાળીને બેઠેલો એવી સ્થિતિમાં ત્રણ દિવસ વીતી ગયેલા. પછી કહે-જ્યારે ભાન આવ્યું ત્યારે મને એ

મસાજ કરતા હતા. પગે ને બધે. 'અલ્યા છોકરા, તને વિચાર આવતા હતા?—ના, વિચાર-બિચાર કશું નહિ સાહેબ. આ તો તમે મને અહીં ઠોક્યું. ખલાસ થઈ ગયું બધું. બિલકુલ વિચાર નહિ.' ત્યારે કહે, 'શું હતી સ્થિતિ તારી?' 'તો કંઈ વિચાર જ નહિ સાહેબ, એવી કોઈ સ્થિતિ હતી.' અને મને કહે, 'કેટલા કલાક રહ્યું આવું?' મેં કહ્યું, 'રહ્યું હશે પા કલાક વીસ મિનિટ.' કારણકે મને તો એમ જ ખ્યાલ. તો કહે, 'પા કલાક, વીસમિનિટ નહિ.' મેં, કહ્યું, 'અડધો કલાક!' તો કહે, 'શું અડધો કલાક?' 'બે કલાક' 'ના, તો '૨૦ કલાક' પછી કહે 'ત્રણ દિવસ થઈ ગયા.' મેં કહ્યું, 'શું વાત કરો સાહેબ?' હું, મારું કામકાજ મેં બગાડ્યું ને? આ શું કર્યું, ભારે—આ મને ભારે—શું કરાવ્યું સાહેબ.' અમને કર્મની વફાદારી ત્યારે ઘણી હતી. ગાંધીજીની સાથે રહેલા હતા તે. મને તો આઘાત ઘણો લાગેલો. ન લાગવો જોઈએ. આટલો મોટો અનુભવ આવો થયો. પણ મેં કહ્યું—'કર્મ સાહેબ, આ તો ભારે તમે ભૂલ કરી.' એ તો મેં લખી દીધેલું ઠક્કરબાપાને કે આવી રીતે થયું હતું. અને હું ત્રણ દિવસ બેભાન અવસ્થામાં હતો શરીરથી હતો—જઈ શક્યો નહિ. મારા કામ ઉપર. મને માફ કરજો અને મારી રજા ગણજો.' પણ એવી દશા થઈ હતી. ત્યારપછી એમણે મને બધાં સાધનો બતાવ્યાં. એમણે મને સાધનો 'દીકરા—જો તારે ભગવાનનું સ્મરણ કર્યા કરવું, પ્રાર્થના કરવી, ભજન-કીર્તન ગાવાં અને તારે શરમસંકોચ છોડી દેવો. રસ્તામાં જતાં-જતાં

પણ ભજન ગાવાં.' નડિયાદમાં મારા સમકક્ષી વયના લોકો છે. આજે પણ જાણતા હશે, અને હું ભજન ગાતાં–ગાતાં ફરતો–નડિયાદમાં હું ભજન ગાતાં–ગાતાં જ ફરતો. અહીં અમારી જ્ઞાતિના અમારા નરસિંહકાકા અહીં પધાર્યા છે. અમારા જ્ઞાતિમાં બહુ પ્રતિષ્ઠાવાળા. ઘણા પ્રતિષ્ઠાવાળા–પણ એમના પિતા હતા તે જાણતા. ત્યાંથી હું ભજન ગાતો–ગાતો જઉં. પણ અમારી જ્ઞાતિમાં મને એમના એકલાનો જ સહકાર. સહાનુભૂતિ હતી. કારણ કે એ સત્સંગી આદમી હતા. આજે પણ કોક એવા માણસો મળે તો એમને અમને ખબર પડે કે આ મોટા ફરતાં ફરતાં ભગવાનનું કાકરખાડને રસ્તામાં જતાં હંમેશા ભજન ગાતો–છોકરાં મારા પર ધૂળ નાંખે. મગન રાજા કરીને હતા. રાવજીકાકા તમે જાણોને! તે મગનરાજાએ બે–ચાર વખત છોકરાઓને મારીને હટાવેલા. હવે જો તમે આ છોકરા ઉપર ધૂળ નાંખી તો આવી બન્યું સમજજો. એનો કડપ બહુ હતો. રાવજી-કાકા–એ હોતે નહિ ને આપણો રેલવેના પાટાનો કેસ. એમાં ખુવાર થઈ ગયા બિચારા. એવા લોકો મને મદદ પણ કરતા. બચાવતા ખરા. છોકરાઓ મને હેરાન પણ કરતા. પણ ભજન ગાવામાં જ મસ્ત. પણ એણે મને બતાવ્યું: અભય, નમ્રતા, મૌન અને એકાંત–છોકરા, તારે પાળવાં. આ ભગવાનનું સ્મરણ અખંડ કરવું. પ્રાર્થના કરવી, આત્મનિવેદન કરવું. સન્મુખતા અને સમર્પણ કર્યા કરવું. જે બધું. વૃત્તિઓનું, વિચારોનું, સ્થૂળ કર્મનું, સંસારનું, વ્યવહારનું–આ બધું કર્યા કરતો

હું. પણ અભય અને નમ્રતા એ અંતર્મુખતા વધારે છે. જેને કરવું હોય સાધન તેને માટે. જેને કરવું હોય એને. એમ ને એમ માથે હાથ મૂકે ને મળી જાય. આશીર્વાદમાં મળી જાય. એવી વાત નથી. હું તો ના પાડું છું. મારો સંગ જેને કરવો હોય તે કરજો. અને ના કરવો હોય તો મને વાંધો નથી. જાતે પરસેવો પાડ્યા સિવાય આ જ્ઞાન મળી શકવાનું નથી. સાલા,—તમારા રોટલા રળવા આઠ કલાક મહેનત કરો છો તમે. આ સ્વાર્થના રોટલા રળવા માટે આઠ કલાક મહેનત કરો છો, પણ ભગવાનની લક્ષ્મી તમારે મેળવવી છે, તે રમતમાં નહિ મળે સાહેબ. ખોટી વાત છે. જે કોઈ કહેતા હોય તેમની પાસે જાવ. અને જે કહેતું હોય તે ખોટી વાત છે. જાતે મહેનત કર્યા સિવાય પળેપળ એની અવેરનેસ—એક પળ પણ બાકી નહિ. અખંડતા—એની સભાનતા પળેપળ જાગે ત્યારે જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એમ ને એમ નહિ થાય. જાતે જ મથવું પડશે. તો કહે; 'સદ્‌ગુરુના આશીર્વાદ'—તો ખપમાં લાગે ખરા. પણ સદ્‌ગુરુમાંય ક્યાં ભળ્યા, ગળ્યા, હળ્યા અને મળ્યા છો? આ વેષ મેં બહુરૂપીનો લીધો છે. જોઉં છું કેટલાય લોકો ખંડન કરે છે. અને સાહેબ, મારું ખૂન કરી નાંખે છે. કેટલાય લોકો એવું નકારાત્મક વિચારે છે કે જેનો ઘર્યો ઘડો જ ના મળે. અલ્યા ભાઈ, કોણે તને, તમારે ઘેર કોઈ ચોખા મૂકવા આવ્યો હતો. કંકુ ને ચોખા મૂકવા તમારા ઘેર હું આવ્યો નથી. તમે મને સ્વીકાર્યો તમારી મેળે. પછી મારા હાળા તમને શરમ નથી આવતી?

તમારી જાત ઉપર તમે વફાદાર નથી. હું તો એમ કહું છું. જાહેરમાં કહું છું. ઘણા લોકો કરે છે. પણ હું તો પ્રેમ જ કરું છું. જાહેરમાં કહું છું. ઘણા લોકો એમ કરે છે પણ હું તો પ્રેમ જ રાખું છું. કારણ કે મારું તો દિલ છે ચાહવાનું જ—મારો ભગવાન (બીજું) ક્યાં જુએ છે ? સાહેબ જૈન લોકો કર્મના સિદ્ધાંત ઉપર બહુ આફરીન. અને એટલા બધા પૃથક્કરણમાં ઊંડા ઊતરેલા કે જૈન ધર્મ એ એના જેવો બીજો કોઈ ધર્મ ઊતર્યો નથી. પૃથક્કરણની બાબતમાં—વૃત્તિઓ, તેના વિભાગોમાં. પણ તેમના એક નાનચંદજી મુનિ કરીને બહુ પ્રખ્યાત થઈ ગયા. અહીંયા કોઈ જૈન હશે તો તેને ઓળખશે. એ જ્ઞાની પણ હતા અને કવિ પણ હતા. સાક્ષર પણ હતા. પ્રાર્થનાના બહુ પરમ ભક્ત-અને બધા જ ધર્મો પરત્વે સમભાવનાવાળા. ઘણી વાર સત્સંગ થાય. ઘણીવાર ધર્મની ફિલોસોફી ઉપર કહે. મેં કહ્યું, 'કર્મમાં તો હું પણ માનું છું. કર્મનું તો પરિણામ પણ છે. પણ એકલો જો માત્ર કર્મનો શુદ્ધ ન્યાય જ હોત તો એક પળવાર પણ આપણે જીવી શકીએ નહિ સાહેબ, તમે વિચાર કરજો. આ જીવનમાં એવાં કેટલાંય કુકર્મો, અન્યાયો અણગમતા એવા ભગવાનને કર્મો કર્યાં. આટલા આ જ જીવનમાં—આટલું હયાત જીવન છે તેમાં પણ અને તે પછીના જીવનમાં તો કેટલાંય કર્યાં હશે ? જો એ કર્મનો શુદ્ધ ન્યાય મળે તો એક પળવાર પણ જીવી શકવાને લાયક નથી. પણ સાથે કરુણા છે. કરુણા એ આત્માનો ગુણધર્મ છે. એ ભગવાનની કરુણા છે સાહેબ. એ હું

મુનિમહારાજને પગે લાગીને કહેતો, 'સાહેબ, તમે આ અંગે વિચારો. તમારે ત્યાં તમારો ચેલો હોય. ભૂલ કરે છે તો તમે શું કરો છો? તો તમે જતું કરો છો કે નહિ? એને તમે અંતઃ ખરેખરો જ્ઞાનીપુરુષ હોય તો તેને વધારે ચાહે. એને છોડી નહિ દે. ભગવાન છોડી નહિ દે. ભગવાન પાપ પુણ્ય કોઈના જોતો નથી. અને જોયાં હોય તો પાપીઓના ઉદ્ધાર થઈ ગયાં છે, એવાં મોટા મોટા ભક્તો થઈ ગયા છે. ઇતિહાસના નામે ચડેલા છે. પ્રસિદ્ધ થઈ ગયેલા છે. એવો મારો પણ ધર્મ એ છે કે બધાંને ચાહવું. ઘણાં કંહે, "મોટા, ફલાણો તમારા આશ્રમમાં આવે છે.' 'તારે શું છે. ભાઈ? છોને આવતો.' કહે કે, 'આવો છે, તેવો છે.' 'તો એવું જોવાનું નથી. મારું કામ તો બધા જે આવે તે ભલે આવે. મારું કામ તો ચાહવાનું છે. હું કંઈ કોઈનું દુષ્કર્મ જોતો નથી. પાપ-પુણ્ય કોઈના જોતો નથી. મારું કામ તો મારું કામ ચાહવાનું છે. એવું ચાહવાનું કે પરિણામ પણ હું ઇચ્છતો નથી. અમને તો ગીતામાતા સામે પોકારે છે કે, અલ્યા દિકરા, પરિણામની ચિંતા કરતો નહિ.' મારા બેટા જે ને તે પરિણામ જ પહેલું મૂકે છે. ત્યારે એ નહિ ચાલી શકે. ભગવાનની વાતો તમે કરો, ભગવાનના પંથે ચાલવાની વાત કરો અને પરિણામ સાથે તમે સામે રાખો એ નહિ ચાલી શકે. ત્યારે ગુરુમહારાજે મને આવી રીતે દીક્ષા આપી.

તે ભગવાનનું સ્મરણ કરવું, અખંડ બનાવવું અને સાહેબ, મથેલો એના માટે હું. એનું પ્લેનિંગ મેં કરેલું.

રોજ અઢી કલાક લેવું. ન થાય તે દિવસે ખાવું નહિ. અને જ્યારે ૧૦-૧૫ દિવસ થાય એટલે ૧૫ મિનિટ વધારવો. એમ કરીને મથેલો સાહેબ, ૧૪-૧૫ કલાક સુધી તો લઈ ગયેલો. પછી થાય જ નહિ. પણ આ સાપ ભગવાનને કરડાવ્યો અને અખંડ મને કરાવડાવ્યું. ત્યારે સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, આત્મનિવેદન, સમર્પણ, સન્મુખતા, કારણકે ભગવાનને તો આકાર નથી. સ્વરૂપ નથી તો કોને સ્વરૂપ સામે રાખવું ? તો મનને સ્થિર કરવા માટે સ્વરૂપની બહુ જરૂરિયાત છે. પણ મન નિરાકારને નહિ પકડી શકે. બારમા અધ્યાય ગીતાજીમાં કહે છે, 'જગે જાણ્યે અને અજાણ્યે સહુ, સૌ સાકારને તે સ્તવે.' સાકારને જ મન પકડી શકે તેવી શક્યતાવાળું છે. એટલે મારા સદ્‌ગુરુ મહારાજને સન્મુખ રાખતો. પણ સદ્‌ગુરુનું શરીર-એ કંઈ સદ્‌ગુરુ નથી. આ મેં 'સદ્‌ગુરુ' ઉપર લખ્યું છે તેમાં ઘણું બધું લખ્યું છે. એમાં રહેલું ચેતન જે છે તે જ આપણો ખરો ધર્મ છે. એ જ આપણો આદર્શ છે. તે પરત્વે જવું. ત્યારે આ બધાં સાધન જોડે જોડે કરતો—અભય, નમ્રતા, મૌન અને એકાંત. કોઈ દિવસ ઘરમાં સૂતો નથી. શરીરમાં ગમે તેટલો તાવ આવ્યો હોય, માંદો હોય, હજુ જેને પૂછવું હોય તે પૂછે. પછી કોઈ સાક્ષી મળશે નહિ. ગાંધી આશ્રમમાં મારા વિધવા ભાભી છે હજુ. મારાથી ચાર વર્ષે મોટાં છે. એમને પૂછી જઈ શકો છો. જેને પૂછવું હોય તો પૂછી જુઓ. ઘરમાં સૂતો નથી કદી પણ ભયંકરમાં ભયંકર જગ્યાઓ જ્યાં સાંભળું ત્યાં જઈને સૂવું.

અભય કેળવવો, એમને એમ અભય નહિ કેળવાય સાહેબ. વાતો કરે નહિ કેળવાય. એ તો સામનો કરવો પડે. સામે જવું પડે એવી સ્થિતિમાં મુકાઈ જવું પડે ત્યારે આ બધું ગુરુમહારાજે દીક્ષા આપી. આ પ્રમાણે વર્તવાનું કહ્યું તે પ્રમાણે વર્ત્યા કર્યું અને મારી તો બધાને પ્રાર્થના છે. તમે સહુ નહિ કરી શકો.

પણ મારી પ્રાર્થના છે કે સંસારમાંથી આપણે ગૃહસ્થાશ્રમ ચલાવવાનો છે, સ્વાર્થ તો કરવો જ પડશે ભાઈ. એમાં તમારું ચાલવાનું પણ નથી. પણ સાથેસાથે પરમાર્થ પણ કરતા રહો. આ બે પલ્લાં છે.–દ્વન્દ્વ–સ્વાર્થ અને પરમાર્થ. એ એકલા સ્વાર્થમાં જ રચ્યાં–પચ્યાં રહીશું તો નહિ ચાલે. આજે લોકો દાન કરે છે ખરા પણ એ દાનને આજે હું દાન નથી કહેતો. વ્યવહાર થઈ ગયો છે. કે ફલાણાએ આટલા આપ્યા. આણે આટલા આપ્યા. એટલે મૂકો ભાઈ આપણે. એટલે આ દાનની પ્રથા પણ વ્યવહાર થઈ ગઈ. એની પાછળ જ્ઞાન નથી. કોઈ સભાનતા નથી, ઉચ્ચ આદર્શ, ઉચ્ચ ભાવના–આપણો ધર્મ છે અને આપણે કરવું જ જોઈએ. એ જાતની સભાનતા વિના થયેલું દાન એ દાન નથી. એના વિના જીવનનો ઉત્કર્ષ નહિ થાય. ધરેડ પ્રમાણે કરેલું કોઈ પણ કર્મ ઉદયવર્તમાન, જીવનમાં ભાવનાનો વિકાસ પ્રગટાવી શકતું નથી. ત્યારે મારી તો પ્રાર્થના છે ભાઈ કે સ્વાર્થ તો આપણે માથે પડેલો જ છે અને તે કર્યા વિના છૂટકો જ નથી. પણ પરમાર્થ કરતા રહો. પરમાર્થ એટલે માત્ર તમે આધ્યાત્મિક

વાંચન વાંચો તેને હું પરમાર્થ કહેતો નથી, સાહેબ. એ તો છોડો– એ તો હું એમ કહું છું. આ એક લપ છે. એની પાછળ ઘણા લોકો પડેલા છે. એના કરતાં પ્રત્યક્ષ કંઈ સારું કામ–સમાજનું ભલું થતું હોય એવું કરો. ત્યારે કહે, શું ભલું થતું હોય? ત્યારે એ તો સૂઝી આવશે. કરવાની દાનત જાગશે ત્યારે આપમેળે સૂઝશે. પરમાર્થ વિના આપણો સમાજ પણ બેઠો થવાનો નથી. આ ભાવના પણ જાગવાની નથી. આપણો સમાજ આપણને સ્વરાજ મળ્યું છે પણ સ્વરાજ્યની લાયકાત આપણા સમાજમાં હજુ જન્મી નથી સાહેબ. અને ઘણા રાગદ્વેષ સાહેબ, આ ટંટા–ફિસાદ એટલા બધા વધી ગયા. આ કોંગ્રેસવાળાએ પણ માંહેમાંહે પક્ષો પાડીને, જે બધા સમાજની હેરાનગતિ થાય છે. સત્યાગ્રહ ભલે કરવા, એમાં ના નથી સાહેબ, પણ એમાં નિર્દોષ માણસો બિચારા માર્યા જાય છે અને ગાંધીજી હતા એ પણ સાથે સાથે એ ભાવના પણ જગાડતા હતા સમાજની. એટલે સમાજના માથાં એણે ફોડાવ્યાં, લાઠીઓ પણ ખવડાવી, લોકો મરી પણ ગયા. જેલોમાં પણ ઘણા ગયા. પણ એ કાળે જે ભાવનાનો જે ધોધ ઉછળતો હતો એ કાળને જે કોઈ યાદ કરે તેને મારી વાત સાચી લાગશે. તો ભાવનાનો જે ધોધ તે કાળે જે ઉછળતો હતો તે આજે નથી. તે ભાવનાની ભૂમિકામાં ગાંધીજીએ આ બધું કરાવેલું. ગાંધીજી એટલા બધા રાગદ્વેષથી મુક્ત હતા કે તેના ભારેમાં ભારે વિરોધીઓની સાથે પ્રેમ કરતા હતા. અનુભવની સાચે સાચી હકીકત છે. એની ઈનોસન્ટ હતા.

દેશભક્ત હતા એને માટે–ગાંધીજીએ–સત્યાગ્રહ કરીએ. એને માટે ગાંધીજીએ પણ તૈયારી કરેલી એને છોડાવવા માટે પણ ત્યારે એ નોન–કોઓપરેશન અસહકારની ચળવળ શરૂ કરી ત્યારે રોજ મદ્રાસમાંથી છાપું કાઢતાં. ત્યારે ગાંધીજીની વિરોધમાં એટલું બધું આવે એમાં પણ ગાંધીજી એ જોઈ જાય. ઘણાં બધાં કહે, 'બાપુ, આ બધું શું કામ વાંચો છો તમે ?' તો કહે, 'ના, આ બધું જોવું જોઈએ આપણે, આપણા વિરોધમાં અને એવા માણસોને પણ એ મળતા એવો પ્રસંગ નીપજે તો. અને એમના વિરોધમાં જેણે લખ્યું હોય તેમને તક મળી છે ત્યારે ગાંધીજી તેમને મળ્યા સિવાય રહ્યા નથી. ઘણા એવા પ્રસંગો જીવનમાં છે. ગાંધીજીના આશ્રમમાં એવા ઘણા બધા કહે કે, 'તમે આને આટલો બધો સમય શું કરવા આપો છો ?' તેને વધારે આપે. ગાંધીજીના જે વિરોધીઓ હતા તે જો ગાંધીજી પાસે આવે તો તેમને સમય વધારે આપે. ત્યારે પ્રત્યક્ષ જેના જીવનમાં જેને તે વર્તી બતાવ્યું છે કે વિરોધીઓ પરત્વે પણ આવો આટલો રાગદ્વેષથી મુક્ત એવો સદ્ભાવ દાખવે. એવી સ્થિતિમાં એ પ્રજાને અસહકાર કરાવતા. આજે એવા માણસો મળવા દુર્લભ છે. હશે. નહિ હોય ભાઈ, ભલભલી પૃથ્વી પડી છે એમાં રત્નો પડયાં હશે નહિ હોય એવું નથી કહેવું, પણ આજે એ વાતાવરણ નથી. એ ભાવની ભૂમિકાનો ધોધ જેવો ભાવ ઉછળતો હતો તેવો અને એવો ભાવ ઉછળતો હતો તેથી તો હજારો યુવાન છોકરાઓ–છોકરીઓ વધારે ત્યાગ કર્યો. માથાં ફોડાવ્યાં છે અને ભયં-

કર પોલિસોના અત્યાચારની પણ સામે થયેલો છે. સમાજ એ કાળે એ ભાવનાના ધોધને લીધે. એને એ જ સ્થિતિમાં એ જ ભૂમિકામાં ગાંધીજીએ સત્યાગ્રહ ચલાવ્યો છે. આજે એ ભૂમિકા નથી. તો પણ સત્યાગ્રહ ચાલે છે એમાં બિચારા નકામા નિર્દોષ લોકો, અને સમાજને ઘણી હેરાનગતિ ભોગવવી પડે! પણ સમાજને એ ભાન નથી. બધા હૈસો હૈસોમાં બધા ઉછળે છે. ઉછળવા દો. થવા દો. હું તો કહું છું કે થવા દો.

પણ મારી તમને બધાંને એક જ પ્રાર્થના છે કે સ્વાર્થ તો તમારે કરવાનો જ છે પણ પરમાર્થ કરશો. તો તમને પૈસા મળ્યા છે એ તમારા બાપના નથી એમ હું જાહેરમાં કહું છું. તમે સમાજ પાસેથી રળો છો. આ સમાજવાદનો ધર્મ છે એટલા માટે નથી કહેતો. હું તો ધર્મનો માણસ થઈને કહું છું. ધર્મનો માણસ સ્વાર્થ જેનો ઘટી ગયો હોય તો જ ધર્મ. ત્યાગ અને પરમાર્થ જેના જીવનમાં મોખરે છે તે જ ધર્મ પાળે છે એમ જાણજો. આ લક્ષણ. એ સિવાય ધર્મ નહિ સાહેબ. ભલેને એ મંદિરે જતો હોય અને ટીલા-ટપકાં કરતો હોય. એ જ બે કલાક સેવા કરતો હોય. પણ જો એના જીવનમાં ત્યાગ અને પરમાર્થ મોખરે નથી. ત્યાગ, તપ અને પરમાર્થ મોખરે નથી, તો એ ધર્મ પાળતો નથી. ત્યારે આપણા સમાજને સ્વરાજ મળ્યું છે તે બેઠો થવાને માટે આની જરૂર છે. ભજન કીર્તન આખી રાત કર્યા કરીએ તે બધાની જરૂર નથી. એ ના કરો એવું મારું કહેવાનું નથી. પણ એનાથી

કરીને જો તમારા જીવનમાં ગુણ, ભાવ અને શક્તિ ના પ્રગટયાં તો એનો અર્થ શો ભાઈ? સાલી ભાંગ પીઓ તોય તમને ખબર પડે. કામ, ક્રોધ જાગે છે, વાસના જાગે છે તોય તમને ખબર પડે છે. તો તમે ભજન કર્યા કરો અને નામર્દ રહો એ કદી કાળ બને ભાઈ? પણ કોને આ બધું સમજવું છે?

છેલ્લી એક જ મારી પ્રાર્થના છે કે તમે સ્વાર્થ કરતા રહેજો પણ સાથે પરમાર્થ કરતા રહેજો. કાળ બહુ વિપરિત આવે છે. હું તો ભડકાવવાનું મારું કામ નથી. પણ સાચી વાત તો ૧૯૪૪ની સાલમાં રાજાને ત્યાં જમવા ગયેલો. મારો મિત્ર વજુભાઈ હાજર હતો. મેં કહ્યું, 'આ રાજ તમારા જતા રહેવાના છે.' તો કહે, 'શું તમે મોટા, વાત કરો છો? ભાંગ પીધી છે?' મેં કહ્યું, 'ના, ભાંગ નથી પીધી. હું કાળના એંધાણથી કહું છું કે આ રાજ તમારા જવાનાં છે. એ ગયા છે. આજે પણ કહું છું કે આ પૈસા તમારા જવાના છે. સલામત સ્થિતિ આપણા દેશની રહેવાની નથી. અંધાધૂંધી આવવાની છે. આજે એંધાણ મને દેખાય છે તે મારા સ્વજનોને, સમાજને ચેતવું નહિ તો ઠીક નહિ. એટલે આ કાળ આવવાનો છે તો તમે પરમાર્થ કરો ભાઈ. તમારાથી જેટલા સચવાય એટલા સાચવો તમે. અને પૈસા પણ ચીજવસ્તુમાં રોકજો. દિવસે દિવસે પૈસાનું અવમૂલ્યન થતું જાય છે. ડેપ્રીસીયેશન થાય છે રૂપિયો ઘણા આજથી નથી કહેતો. આ ડોકટર અમારા કાળા કોટવાળા છે એમને પૂછો. એમને ત્યાં હતો ત્યારથી કહ્યું છે અલ્યા,

પૈસા તમારા ચીજવસ્તુમાં રોકો. ડોકટર છે કે નહિ? નાનાભાઈ ડોકટર છે કે નહિ. સાહેબ, મેં કહેલું છે કે નહિ? સાચી વાત નહિ તો આ બધા કહેશે, 'આ મોટા બેઠા બેઠા ભાંગ પીને ગપ્પાં મારે છે.' તમારા પૈસા હોય તો ચીજવસ્તુમાં રોકજો તો એપ્રીસીએશન થશે અને રોકડા પૈસા રાખ્યા તો એની સલામતી નથી આ રાજ્યમાં. મને તો આજે પણ કહું છું તમને. આપણા દેશમાં આ પૈસાનું અવમૂલ્યન આજે નહિ તો કાલે થવાનું છે ખરું. ક્યારે થશે એ કહેતો નથી. પણ એટલો બધો ફુગાવો વધતો જાય છે કે રૂપિયા ઘટાડ્યા સિવાય ચાલશે નહિ. ૧૦૦ના ૫૦ પૈસા કરી નાંખશે ગમે ત્યારે, પણ ચીજવસ્તુમાં રોક્યા હશે તો માણસ ગમે ત્યારે બચી જશે. અને આ ભાવવધારો છે એ તો નકામી વાત. પણ સાચી વાત તો આ છે. કારણ કે હું અર્થશાસ્ત્ર શીખેલો છું. એકલો ખાલી ભગત નથી. બધા વિષયોનો મેં અભ્યાસ કરેલો છે. આ ફુગાવાને કારણે આટલા બધા ભાવ વધે છે. જો હું સરકારમાં હોઉં તો પ્રજાને હું વિશ્વાસમાં લઉં. કે ભાઈ આ ફુગાવાની નીતિને લીધે આ ભાવ વધે છે. પણ ઘણા બધા લોકો આપણને જુદાં જુદાં કારણો આપે. પણ ફુગાવો તો વધતો જ ચાલે છે. લીલી નોટો છાપ્યા જ કરે છે. ત્યારે એનો અંત કેવી રીતે આવશે? જતે દિવસે તેણે રૂપિયાનું અવમૂલ્યાંકન કરવું જ પડશે. ત્યારે તમારા રૂપિયા જો ચીજવસ્તુમાં હશે તો બચશે. સ્વાર્થની ખાતર એટલું તો કરજો તમે. અને મારી સલાહ માનેલી અને કેટલાય લોકોને ફાયદો થયેલો છે.

પણ ફાયદો થાય કે ના થાય એના માટે કહેતો નથી. પણ હું તો વસ્તુસ્થિતિ જે થવાની છે તેને સામે જોઈને કહું છું કે ભાઈ આવો કાળ આવવાનો છે. સહીસલામતી રહેવાની નથી આપણી. આ આપણો સમાજ ગરીબોની વાત કરે છે તે ભલે કરે પણ એ વાત ખોટી નથી પણ જેમ આપણે આપણા ઘરમાં માંદું હોય તેની વધારે સંભાળ રાખીએ. ડોકટરને બોલાવીએ. સેવા કરીએ તેવી રીતે સમાજ એ આપણું એક અંગ છે એમાં જે ગરીબો છે એને સમાજ અવગણ્યા છે તે વાત તદ્દન સાચી છે. એ ઉપર આવે, એમને કામ મળે, એમને રોજગારી મળે, એમને ખાવાનું મળે એ સમાજે આજે નહિ તો કાલે કરવું જ પડશે, છૂટકો નથી. એ પછી ઇન્દિરાબહેન કહેતા હોય કે xyz કહેતું હોય એ વાત સાચી છે. પછી એ રાજકીય માટે કહેતા હોય તો એ જાણે. પણ અમારા ધર્મની દષ્ટિએ એ વાત સાચી છે. ધર્મ તો કહે છે. તેન ત્યકતેન ભુંજીથા ઃ' 'ત્યાગી ત્યાગીને ભોગવો.' તમે તમારી જાત ઉપર મૂકો થર્મોમીટર ને પછી જુઓ કે કેટલું ત્યાગી ત્યાગીને ખાવ છો ? અરે આપણે તો નર્યો ભોગ જ ભોગવીએ છીએ. ગૃહ-સ્થાશ્રમી માણસો અને લક્ષ્મીને તો અમારે શાસ્ત્રોએ ચંચળ કહી છે. જતી રહેશે પળવારમાં, ભલભલાનાં રાજ્યો ગયાં. અમારા દક્ષિણમાં હજાર–હજાર બબ્બે હજાર એકરવાળા જમીનદારો હતા સાહેબ. આજે ઘરનું ફર્નિચર એને વેચવું પડે છે. આજે જાજમો વેચે છે. જાતે જાત અમે જોયું છે. ભડકાવી દેવાની વાત નથી કરતો. પણ આમાંથી તમે દાખ-

લાથી ચેતો તો સારું છે. આપણે ત્યાં પણ ટોચમર્યાદા આવી છે તે ખેડૂતોને માટે સારી છે. હવે એ યોગ્યતાની કે અયોગ્યતાની વાત તમે બધા સમજો. પણ આ કાળનાં લક્ષણો બતાવે છે. શહેરમાં પણ પૈસાદારોને માટે ટોચમર્યાદા મકાનોની અને ધનની પણ આવશે. અને કેમ કરીને આ પૈસા લેવા તે આખી નીતિ તમે જુઓ. તો કેમ કરીને તમારા પૈસા લઈ લેવા એ જ બાબતની નીતિ છે. સરકારની સામે તહોમતનામું મૂકતો નથી. જે હકીકત છે તે કહું છું. તેથી તમારે ચેતવું હોય તો ચેતજો. આપી દેવા પડે તો પરમાર્થ તો કરો તમે. મારી સાસુના તમે તો કેવા લોકો છો ? પણ એમ ને એમ નહિ કરે ભાઈ. નહિ કરે તો ભગવાનની મરજી. પણ મને મારો ભગવાન હજાર હાથવાળો જે જે કામ લઉં છું તેમાં મદદ કરે છે. પણ મારો ધર્મ, લૂણ મારા પેટમાં છે. એટલે મને જે લાગે છે તે સાચી હકીકત ના કહું તો હું બેવફા નીવડું. માટે કહું છું. ફરીથી મારી પ્રાર્થના છે કે સ્વાર્થ તો પડેલો જ છે પણ પરમાર્થ કરતા રહેજો. હરિઃ ૐ તતસત્.

# સાધનાધર્મ

૧ મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથેસાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨ પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું, બંનેનું.

૩ સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.

૪ બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો; અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યાં કરો.

૫ 'આગ્રહો'–પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો–છોડો; નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬ ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭ આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ–બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮ આત્મલક્ષી–અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી જોઈને જાતને સંડોવાવા દો નહિ.

૯ 'પર' (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર

કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ, ત્યાં "મારું મારું" કયાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦ પ્રત્યેક કાર્ય; પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવંત રાખીને કરવો. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યાં કરો.

૧૧ વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨ પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩ ઊર્મિ, આવેશ, લાગણીને એમ ને એમ વહી જવા ન દો; તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪ જમતી વખતે, પાણી પીતી વખતે જીવનમાં ચેતન-શક્તિના અવતરણભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઇઓ ઇત્યાદિની વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫ સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો. ભાવની વૃદ્ધિ કરો.

૧૬ પ્રભુ સચરાચર છે. "આત્મવત્ સર્વભૂતેષુ"ની ભાવના કેળવો.

૧૭ પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ.
કોઈનાય કાજી ન થાઓ.
કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો.
વાદવિવાદ ના કરો.
પોતાનો આગ્રહ ના રાખો.
બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો.
માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રકટવો;
ખૂબ પ્રેમભાવ કેળવો.
પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિ-વશ થતાં કર્મોની ઉપરવટ વર્તો.
ફળની આસક્તિ છોડો; પોતાને થતા અન્યાયો—આવી પડતાં દુઃખો—આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો.
ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યાં કરો; અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો.
સદાય પ્રસન્નતા પ્રવર્તાવો.
કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઊતારો.
પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો.
મન નિઃસ્પંદ કરો.
રાગદ્વેષ નિર્મૂળ કરવા જાગૃતિ રાખો.
થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો.

ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય.

યદૃચ્છયા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો.

ક્યાંયે કોઈની સરખામણી ના કરો.

અનુકૂળ–પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે.

જીવનસાધના સારું સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે.

પ્રભુમય–તેના મૂક યંત્ર–થવાની જ બસ એક ઉર્ધ્વયોજના હવે જીવનમાં રાખો.

૧૮ કર્મમાં કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

— શ્રીમોટા

# આપણી પોતાની જ પ્રાર્થના

પ્રાર્થના કરતી વખતે દિલમાં દિલથી દિલનો ભાવ ખૂબ ખૂબ કેળવાયેલો હોઈને તેવી રીતનો પ્રગટેલો હોવો જોઈએ. એક માત્ર આર્ત અને આર્દ્ર ભાવે થયેલી પ્રાર્થના ખરેખરી પ્રાર્થના કહેવાય. તેવો ભાવ પ્રગટયા વિનાની પ્રાર્થના તે પ્રાર્થના નથી. એવી ઉપરછલ્લી પ્રાર્થનાથી જીવનનો ઉઠાવ થવો કદી પણ શકય નથી. બીજા સંતભકતોએ રચેલાં ભજનો અને પ્રાર્થના ગાતાં ગાતાં એવો ઉત્કટ આર્ત અને આર્દ્ર ભાવ જાગે તો તે આપણા માટે કામનાં. બીજાઓથી થયેલી એવી પ્રાર્થના-ગદ્યમાં કે પદ્યમાં-ઘણીવાર ઉત્કટ ભાવ પ્રગટ કરી શકતી નથી, કારણકે એવી પ્રાર્થના મનમાં કે મોટેથી આપણે જ્યારે બોલીએ, તેવી પળે તે પ્રાર્થનાઓ કે ભજન રચનારાઓની તેમની તેવી રચના સમયની આંતર્દશા આપણી જાગેલી હોતી નથી, તેથી તેમને પોતાને માટે તો એ ભજનો ઘણા લાભકારક હોય; પણ તેમનાં જેટલાં લાભકારક તે આપણે માટે નથી નીવડતાં. એટલે ખરી રીતે તો આપણી પોતાની જેવી સ્થિતિ હોય તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે તેમ આપણી પોતાની તે તે કાળે થયેલી આંતરદશાને યોગ્ય પ્રાર્થના કરીએ. તેવી પ્રાર્થના થતી હોય તથા તેવી પ્રાર્થનાના ભાવનું, તેને યોગ્ય પ્રત્યક્ષ આચરણ થયાં કરતું હોય, તો તેવા થતા રહેતા સહેતુક એકધારા જીવતાજાગતા પ્રયત્નમાંથી યોગ્ય પ્રાર્થના માટેનો દિલનો ભાવ પ્રગટે છે, તો તેવા પ્રકારની પ્રગટેલી પ્રાર્થના જીવનવિકાસને વધારે હિતાવહ છે.

—શ્રીમોટા

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમનમાં મનનાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન હૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇન્દ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગરગ મહીં, નખશીખ મહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન હૃદયમાં.

—શ્રીમોટા